dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue- 167 | AD-2026, Chaitra Sud - 07 | Wednesday, Dt. 25-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**વૈશ્વિક અસ્થિરતા અને ભારત પર તેની અસરો અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે રાજ્યસભાને સંબોધન કર્યું**

## મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુધ્ધ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય : મોદી

નવી દિલ્હી,તા.૨૪

પશ્ચિમ એશિયા (મધ્ય પૂર્વ) માં ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી વૈશ્વિક અસ્થિરતા અને ભારત પર તેની અસરો અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે રાજ્યસભાને સંબોધન કર્યું હતું. પીએમ મોદીએ તેમના વક્તવ્યમાં ઊર્જા સુરક્ષા, વેપાર માર્ગોની સુરક્ષા અને વિદેશમાં વસતા ભારતીયોની સલામતી અંગે સરકારની ભાવિ યોજનાઓ રજૂ કરી હતી.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. આ સંઘર્ષને કારણે પેટ્રોલ, ડીઝલ અને ગેસના પુરવઠા પર માઠી અસર પડી રહી છે. ભારત આ મુદ્દે ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા સહિતના તમામ પ્રભાવિત દેશો સાથે સતત સંપર્કમાં છે. ભારતનો મુખ્ય ઉદ્દેશ્ય રાજદ્વારી વાતચીત દ્વારા આ ક્ષેત્રમાં વહેલી તકે શાંતિ સ્થાપિત કરવાનો અને સંઘર્ષને ઓછો કરવાનો છે. હોર્મુઝ સ્ટ્રેટ, જે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક છે, ત્યાંથી જહાજોની અવરજવર હાલમાં જોખમી બની છે. પીએમ મોદીએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, "વિશ્વભરના ઘણા જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા છે, જેમાં મોટી સંખ્યામાં ભારતીય ક્રૂ સભ્યો છે. આ ભારત માટે ચિંતાનો વિષય છે." સરકાર ભારતને તેલ, ગેસ અને ખાતરોનો સતત પુરવઠો મળતો રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ પર પણ કામ કરી રહી છે. ખાડી દેશોમાં આશરે ૧૦ મિલિયન (૧ કરોડ) ભારતીયો



રહે છે અને કામ કરે છે. યુદ્ધની સ્થિતિમાં તેમના જીવન અને આજીવિકા પર જોખમ તોળાઈ રહ્યું છે. આ સંદર્ભમાં પીએમ મોદીએ રાજ્ય સરકારોને વિશેષ વિનંતી કરી છે કે તેઓ સ્થળાંતરિત કામદારોની ખાસ સંભાળ રાખે. કટોકટીના સમયમાં આ વર્ગ સૌથી વધુ પ્રભાવિત થાય છે, તેથી સરકારી યોજનાઓના લાભો તેમના સુધી સમયસર પહોંચવા જોઈએ તે અનિવાર્ય છે. ભારતની ઉર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે એક ક્રાંતિકારી પગલાની જાહેરાત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતની ૯૦ ટકા પેટ્રોલિયમ આયાત વિદેશી જહાજો દ્વારા થાય છે. આ પરાવલંબન ઘટાડવા માટે સરકારે રૂ. ૭૦,૦૦૦ કરોડના ખર્ચે સ્વદેશી જહાજ નિર્માણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ ૨,૫૦૦ સ્વદેશી જહાજો બનાવવાનું લક્ષ્ય છે, જે ભારતને વૈશ્વિક અનિશ્ચિતતા સામે રક્ષણ આપશે. પીએમ મોદીએ દેશને ખાતરી આપી હતી કે ભારતમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સંગ્રહ છે. છેલ્લા ૧૧ વર્ષમાં ભારતની ઉર્જા સંગ્રહ ક્ષમતામાં મોટો વધારો થયો છેઃ હાલમાં ૫.૩ મિલિયન મેટ્રિક ટન વ્યૂહાત્મક તેલ ભંડાર તૈયાર છે. વધારાની ૬.૫ મિલિયન મેટ્રિક ટન ક્ષમતા ઊભી કરવાનું કામ પ્રગતિમાં છે. સરકાર ઈંધણ માટે માત્ર એક જ સ્ત્રોત પર નિર્ભર રહેવાને બદલે એલપીજી (LPG) અને પીએનજી (PNG) જેવા વિવિધ વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પ્રધાનમંત્રીએ સ્પષ્ટ કર્યું કે જો પશ્ચિમ એશિયામાં કટોકટી લાંબો સમય ચાલશે તો તેના ગંભીર આર્થિક પરિણામો આવી શકે છે. ભારત તમામ ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી ક્રૂડ તેલ મેળવવાના પ્રયાસો ચાલુ રાખશે. સંસદના ઉપલા ગૃહમાંથી તેમણે શાંતિ અને સંવાદ માટે સંયુક્ત અવાજ ઉઠાવવાની અપીલ કરી હતી, જે આ વૈશ્વિક સમસ્યાનો એકમાત્ર કાયમી ઉકેલ છે.

## મધ્ય-પૂર્વના સંઘર્ષ વચ્ચે રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ભારતની કડક સુરક્ષા સમીક્ષા

નવી દિલ્હી,તા.૨૪

મધ્ય પૂર્વમાં ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા જતા યુદ્ધના તણાવને ધ્યાનમાં રાખીને, ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દિલ્હીમાં એક અત્યંત મહત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં દેશના ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ, સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને મુખ્ય સુરક્ષા એજન્સીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ સમીક્ષા બેઠકનો મુખ્ય હેતુ બદલાતી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને વૈશ્વિક સુરક્ષા પડકારો વચ્ચે ભારતની સૈન્ય સજ્જતાનું મૂલ્યાંકન કરવાનો હતો. બેઠકમાં ખાસ કરીને સરહદ સુરક્ષા, દરિયાઈ સુરક્ષા અને હવાઈ સંરક્ષણ પ્રણાલી જેવા મહત્વના પાસાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત પોતાની સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે સંપૂર્ણપણે સજ્જ છે.


સંરક્ષણ મંત્રીએ સશસ્ત્ર દળોને કોઈપણ સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા માટે હાઈ એલર્ટ પર રહેવા અને જરૂર પડ્યે તાત્કાલિક કાર્યવાહી કરવા માટે તૈયાર રહેવા સૂચના આપી છે. ભારત હાલમાં પશ્ચિમ એશિયાની દરેક ગતિવિધિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

## સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો : સેનામાં મહિલા અધિકારીઓને કાયમી કમિશન અને પેન્શનનો અધિકાર

નવી દિલ્હી,તા.૨૪

ભારતીય સેનામાં મહિલા અધિકારીઓ સાથે થતા ભેદભાવને દૂર કરતા સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે લશ્કરમાં પુરુષોનો એકાધિકાર હોઈ શકે નહીં અને મહિલા અધિકારીઓને પણ કાયમી કમિશન મેળવવાનો સમાન અધિકાર છે.

ન્યાયાલયે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને તે મહિલા અધિકારીઓને ન્યાય આપ્યો છે,



જેમને અગાઉ કાયમી કમિશન નકારવામાં આવ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું કે સેનામાં મહિલાઓ સામે 'વ્યવસ્થિત ભેદભાવ' કરવામાં આવ્યો હતો, જેના કારણે તેમની કારકિર્દીની પ્રગતિ અટકી હતી. ચુકાદા અનુસાર, જે મહિલા અધિકારીઓએ પોતાની બરતરફીને પડકારી હતી, તેમને હવે ૨૦ વર્ષની સેવા પૂર્ણ ગણીને પેન્શન માટે પાત્ર ગણવામાં આવશે. જોકે, તેમને પાછલા પગારની બાકી રકમ (Arrears) મળશે નહીં.

કોર્ટે કડક શબ્દોમાં જણાવ્યું કે પુરુષ અધિકારીઓ તમામ ખાલી જગ્યાઓ માત્ર પોતાના માટે અનામત રાખવાની અપેક્ષા રાખી શકતા નથી. આ નિર્ણય ખાસ કરીને શોર્ટ સર્વિસ કમિશન (SSC) ધરાવતી તે મહિલાઓ માટે મોટી રાહત સમાન છે જેઓ લાંબા સમયથી કાનૂની લડત લડી રહી હતી. ઉલ્લેખનીય છે કે, આ આદેશ JAG અને AEC કેડર સિવાયની મહિલા અધિકારીઓને લાગુ પડશે.

**ગૃહમંત્રી અમિત શાહે સર્વસંમતિ સાધવા માટે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે બેઠકો યોજી**

## ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પૂર્વે મહિલાઓ માટે ૩૩% અનામતની તૈયારી

ન્યૂ દિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકાર ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પૂર્વે મહિલાઓ માટે ૩૩ ટકા અનામત સુનિશ્ચિત કરવા માટે સક્રિય બની છે. આ હેતુસર સંસદના વર્તમાન સત્રમાં બે મહત્વપૂર્ણ બિલ રજૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. પ્રસ્તાવિત ફેરફાર મુજબ લોકસભાની કુલ બેઠકોની સંખ્યા ૫૪૩ થી વધારીને ૮૧૬ કરવામાં આવી શકે છે, જેમાં મહિલાઓ માટે ૨૭૩ બેઠકો



અનામત રાખવામાં આવશે. વર્ષ ૨૦૨૩માં પસાર થયેલા ૧૦૬મા બંધારણીય સુધારામાં નવી વસ્તી ગણતરી બાદ અનામત લાગુ કરવાની શરત હતી, પરંતુ હવે સરકાર ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે જ સીમાંકન પ્રક્રિયા પૂર્ણ કરવાનો પ્રસ્તાવ ધરાવે છે. આ માટે નારી શક્તિ વંદન અધિનિયમ અને સીમાંકન કાયદામાં સુધારા કરવા માટે સંસદમાં બે-તૃતીયાંશ બહુમતીની આવશ્યકતા રહેશે. ગૃહમંત્રી અમિત શાહે આ બાબતે સર્વસંમતિ સાધવા માટે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે બેઠકો યોજી છે. આ બેઠકોમાં એનડીએના ઘટક પક્ષો ઉપરાંત સમાજવાદી પાર્ટી, આરજેડી અને એનસીપી જેવા બિન-કોંગ્રેસી વિપક્ષી દળોનો પણ સમાવેશ થાય છે. અનામતના માળખામાં અનુસૂચિત જાતિ અને જનજાતિની મહિલાઓ માટે તેમના ક્વોટામાં જ જોગવાઈ કરવામાં આવશે, જોકે ઓબીસી મહિલાઓ માટે અલગ ક્વોટાનો હાલમાં ઉલ્લેખ નથી. સરકાર આ જ ફોર્મ્યુલાને રાજ્યોની વિધાનસભાઓમાં પણ લાગુ કરવા માંગે છે જેથી સમગ્ર દેશમાં સમાન પ્રતિનિધિત્વ જળવાય. હાલમાં કોંગ્રેસ સાથે આ વિષય પર ચર્ચા બાકી છે, પરંતુ જો અન્ય પક્ષો સાથે સહમતિ સધાય તો આ અઠવાડિયે જ બિલ રજૂ થઈ શકે છે.

## ગાઝિયાબાદમાં લાગેલા સીસીટીવીના લાઈવ ફૂટેજ પાકિસ્તાન જતા હોવાનો ખુલાસો

ગાઝિયાબાદ,તા.૨૪

ગાઝિયાબાદમાં પાકિસ્તાન સાથે સંકળાયેલા જાસૂસી રેકેટનો પર્દાફાશ થતા રાષ્ટ્રીય સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે કે સંવેદનશીલ વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના લાઈવ ફૂટેજ સરહદ પાર મોકલવામાં આવી રહ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગૃહ મંત્રાલયે આઈબી અને અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે મળીને દેશભરમાં સીસીટીવી નેટવર્કનું ઓડિટ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. ભારતમાં હાલ



અંદાજે ૮૦ ટકા સીસીટીવી કેમેરા ચીની બનાવટના છે જે ડેટા ચોરી અને જાસૂસી માટે મોટું જોખમ ગણાય છે. આ ખતરાને નિવારવા માટે સરકાર આગામી ૧ એપ્રિલથી કડક નિયમો લાગુ કરવા જઈ રહી છે જેના હેઠળ માત્ર એસટીક્યુસી પ્રમાણિત હેકિંગપ્રૂફ કેમેરાનું જ વેચાણ થઈ શકશે. અત્યાર સુધી માત્ર ૭ કંપનીઓના ૫૩ મોડલ જ આ કડક સુરક્ષા માપદંડોમાં સફળ રહ્યા છે.







## હિન્દુ, શીખ અને બૌધ્ધ ધર્મ પાળનારા જ SC શ્રેણીના લાભો માટે પાત્ર : સુપ્રિમ

નવી દિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના ચુકાદાને માન્ય રાખતા સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ વ્યક્તિ ખ્રિસ્તી ધર્મ અપનાવે અને તેનું સક્રિય પાલન કરે, તો



તે અનુસૂચિત જાતિ (SC)નો દરજ્જો ગુમાવે છે. ૧૯૫૦ના બંધારણીય આદેશની કલમ ૩ મુજબ, માત્ર હિન્દુ, શીખ અને બૌદ્ધ ધર્મ પાળનારા જ SC શ્રેણીના લાભો માટે પાત્ર છે. અન્ય ધર્મમાં પરિવર્તન કરવાથી અનામત, કાનૂની રક્ષણ કે SC-ST એક્ટ હેઠળના લાભો તાત્કાલિક સમાપ્ત થાય છે, ભલે તે વ્યક્તિનો જન્મ તે શ્રેણીમાં થયો હોય.

# બાબરાના નડાળા અને ઘરાઈ ગામે સી.સી. રોડ માટે જનક તળાવીયાના પ્રયત્નોથી રૂા. ૧ કરોડ મંજૂર

બાબરા,તા.૨૪

બાબરા તાલુકાના નડાળા અને ઘરાઈ ગામોમાં કુલ રૂ. એક કરોડના ખર્ચે સી.સી. રોડના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. વિકાસ કાર્ય માટે આ વિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાના સતત પ્રયત્નો અને સક્રિય કામગીરીને કારણે આ



મહત્વપૂર્ણ વિકાસ કાર્ય સાકાર થશે. માહિતી મુજબ, નડાળા ગામમાં રૂ. ૫૦ લાખના ખર્ચે સી.સી. રોડનું નિર્માણ કરાશે, જ્યારે ઘરાઈ ગામમાં પણ રૂ. ૫૦ લાખના ખર્ચે સી.સી. રોડ બનશે. આ સી.સી. રોડના નિર્માણથી ગ્રામજનોને વરસાદી મોસમમાં કાદવ અને ખરાબ રસ્તાની મુશ્કેલીઓમાંથી રાહત મળશે. ઉપરાંત, વાહન વ્યવહાર વધુ સરળ બનશે, જેનાથી ગામના વેપાર-ધંધા અને દૈનિક જીવનમાં પણ સકારાત્મક અસર પડશે. આ અંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં મજબૂત આધારભૂત સુવિધાઓ ઊભી કરવી એ તેમની પ્રાથમિકતા રહી છે.

# મોટી કુંકાવાવમાં વાલ્મીકી સમાજ શિક્ષણ સંગઠન દ્વારા શિક્ષણ જાગૃતિ અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ ખાતે વાલ્મીકી સમાજ શિક્ષણ સંગઠનની મેન ટીમના હોદ્દેદારો દ્વારા સમાજના વડીલો, મિત્રો અને યુવાનો સાથે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય હેતુ વાલ્મીકી સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ



લાવવાનો અને સામાજિક સ્તરે શૈક્ષણિક પરિવર્તન લાવવાનો હતો. બેઠકમાં ઉપસ્થિત આગેવાનોએ સમાજના દરેક બાળકને શિક્ષણ સાથે જોડવા અને કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે ખાસ ટકોર કરી હતી.શિક્ષણ સંગઠન દ્વારા આ દિશામાં આગળ વધવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જે અંતર્ગત આ બેઠકમાં શૈક્ષણિક ઉત્થાન માટેના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# બગસરામાં સુવાગિયા પરિવાર દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન

અમરેલી,તા.૨૪

બગસરા મુકામે સુવાગિયા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ અત્યંત ભક્તિભાવપૂર્વક કરવામાં આવ્યો છે. આ પવિત્ર જ્ઞાનયજ્ઞ આગામી ૨૭ માર્ચ ૨૦૨૬ સુધી ચાલશે. આ પ્રસંગે શાસ્ત્રી મુકુંદ મહારાજ



અને શાસ્ત્રી જયેશ મહારાજ પોતાની આગવી શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. ભક્તો માટે આયોજકો દ્વારા બંને સમય શુદ્ધ ભોજન પ્રસાદની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. કથાના મુખ્ય આયોજક રમેશભાઈ સુવાગિયાએ જણાવ્યું હતું કે ધાર્મિક કાર્યક્રમોની સાથે દરરોજ રાત્રિના સમયે લોકસાહિત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ પણ બોલાવવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે.

# ઈશ્વરીયા પ્રા. શાળામાં પરશોત્તમ રૂપાલાની અધ્યક્ષતામાં 'વાર્ષિકોત્સવ'ની ઉજવણી

અમરેલી,તા.૨૪

ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં 'સપ્તરંગી વાર્ષિકોત્સવ' ની ભવ્ય ઉજવણી પૂર્વ કેન્દ્રીય કેબિનેટ મંત્રી અને રાજકોટ લોકસભાના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી, ત્યારબાદ શાળાના આચાર્ય



પરેશભાઈ ગાંગડીયાએ પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, વનરાજભાઈ કોઠીવાળ, વજુભાઈ ગોલ, સરપંચ બાબુભાઈ વામજા, ધીરુભાઈ રૂપાલા સહિતના અગ્રણીઓ, એસ.એમ.સી.ના સભ્યો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હાર્દિકભાઈ વામજાએ કર્યું હતું અને અંતમાં એસ.એમ.સી. અધ્યક્ષ દિનેશભાઈ રૂપાલાએ આભાર વિધિ કરી હતી.

# અમરેલી શહેરમાં જ્ઞાતિ વિશે અપમાનિત કરી ઢીકાપાટુનો માર માર્યો, ત્રણ શખ્સો સામે ફરિયાદ

અમરેલી,તા.૨૪

અમરેલીના ચક્કરગઢ રોડ પર આવેલા અમૃતનગર વિસ્તારમાં તારીખ ૨૨/૦૩/૨૬ના રોજ રાત્રિના સમયે એક ગંભીર હિંસક ઘટના બની હતી. મૂળ રાજુલાના વતની અને હાલ અમરેલીમાં અભ્યાસ કરતા ૨૩ વર્ષીય યુવાન ચિરાગ બાબરીયા જ્યારે વિશ્વ હિન્દુ સંમેલનના જમણવારમાં ગયા હતા, ત્યારે પાર્કિંગ બાબતે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. મુખ્ય આરોપી શિવકુ કાઠી અને તેના બે અજાણ્યા સાથીદારોએ ફરિયાદીની જ્ઞાતિ વિશે અપમાનજનક શબ્દો બોલી "તમને હલકી જ્ઞાતિનાઓને અહીં કોણે બોલાવ્યા" તેમ કહી જાહેરમાં હડધૂત કર્યા હતા. આ શખ્સોએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી અને જીવલેણ હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ કૃત્ય દ્વારા આરોપીઓએ જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી પરસ્પર ગુનામાં મદદગારી કરી હતી. આ ઘટનાની એસીએસટી સેલના ડીવાયએસપી પી.આર. રાઠોડ તપાસ ચલાવી રહ્યાં છે.

# સ્વ.પ્રેમજીભાઈ ડોબરીયા પરિવારને સાંત્વના પાઠવતા નરેશભાઈ પટેલ

અમરેલી,તા.૨૪

મોટી કુંકાવાવ નિવાસી સ્વ. પ્રેમજીભાઈ ડોબરીયાના દુઃખદ અવસાનથી સમગ્ર પંથકમાં અને ડોબરીયા પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ આઘાતજનક સમાચાર મળતા જ ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ ખાસ હાજરી આપી પરિવારને આશ્વાસન આપ્યું હતું. તેમની



સાથે વસંતભાઈ મોવલીયા અને પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંઘાડ સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓએ શોકગ્રસ્ત પરિવાર સાથે બેસીને સંવેદના વ્યક્ત કરી હતી

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુણ કેસ નં.૦૬/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી બલદાણીયા દવલબેન પીઠાભાઈ W/O વાણીયા ભુપતભાઈ
સરનામુઃ મુ.નવી જૂની માડરડી, તા.રાજુલા, જી.અમરેલી
હાલ રહે. વાજડી, તા.ઉના, જી.ગીર સોમનાથ

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - જૂની નવી માંડરડી, તા.રાજુલા, જી.અમરેલી

::નોટીસ ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના જૂની નવી માંડરડી મુકામે ના શ્રી બલદાણીયા દવલબેન પીઠાભાઈ એ તેમના પોતાની નામે બલદાણીયા દવલબેન પીઠભાઈ નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૭ ના રોજ રાજુલા તાલુકાના જૂની નવી માંડરડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર.બલદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે ફેબ્રુઆરી સનેઃ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટમાં સિક્કા કરી આપ્યા.

સ્થળઃ રાજુલા
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા












## રૂબરૂ સુનાવણી નોટીસ

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

નં.મરણ નોંધણી/ અરજી નં.૧૭/૨૦૨૬

અરજદારશ્રીઃ- મકવાણા નાનજીભાઈ માણસુરભાઈ,
રે.વિરડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી વિરડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતાશ્રી મકવાણા માણસુરભાઈ લાખાભાઈનું મરણ તા.૧૧/૦૩/૧૯૮૯ ના રોજ મુ.વિરડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૫૮/૨૦૨૬ તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧.બાવનકા દાઉદભાઈ હાશમભાઈ
રહે. ૧૫૦, ખાટકીવાડ, જિંજુડા ગેટ પાસે, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ના પુત્ર બાવનકા શાહરૂખ દાઉદભાઈનો જન્મ તા.૧૮/૧૧/૧૯૯૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

## રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૮/૨૦૨૬ તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. ગીગાભાઈ કરશનભાઈ સરવૈયા
રહે. સેંજળ, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી સેંજળ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર શાંતિભાઈ ગીગાભાઈ સરવૈયાનો જન્મ તા.૧૦/૦૬/૧૯૮૫ ના રોજ મુ.સેંજળ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૩/૨૬ તા.૨૪/૦૨/૨૦૨૬

**વિવાદી :-** શ્રી આબેદઅલી કાસમભાઈ સેતા રે.સેતાપાટી લાઠી, તા.લાઠી,
જી.અમરેલી મો.૯૯૨૫૪૨૫૩૨૨
અરજદારશ્રીના વિ.વ.શ્રી સાબીર એસ.અમીર ચાવંડ ગેડ,
ગુરૂકૃપા કોમ્પ્લેક્ષ, લાઠી, તા.લાઠી,
જી.અમરેલી મો.૯૮૯૮૪૧૪૭૪૨

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી નગરપાલીકા
મું.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

-// નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો આબેદઅલી કાસમભાઈ સેતાનો જન્મ તા.૧૧/૦૬/૧૯૭૬ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩/૦૨/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી ફેડરેશન લિમિટેડ દ્વારા રાજ્ય કક્ષાનો સેમિનાર યોજાયો

**બગસરા નાગરિક શ.સ. મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆ ખાસ હાજર રહ્યાં**



અમરેલી,તા.૨૪

અમદાવાદના સહકાર ભવન ખાતે ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ ગુજરાત સ્ટેટ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી ફેડરેશન લિમિટેડ દ્વારા રાજ્ય કક્ષાનો એક વિશેષ સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો, જેમાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆ, ધારાસભ્ય કંચનબેન રાદડીયા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સેમીનાર દરમિયાન સુરતના એડવોકેટ નરેશ નાવડીયાએ ધિરાણ વસૂલાત માટે કાયદાકીય જોગવાઈઓ અને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ હેઠળ ચેક રિટર્નની કાર્યવાહી અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# અમરેલીની ડી.એચ. કાબરીયા મહિલા કોલેજની દ્રષ્ટિ ચૌહાણની કુસ્તીમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે પસંદગી



અમરેલી, તા.૨૪

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત અને શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજની વિદ્યાર્થીનીએ ખેલકૂદ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી છે. તાજેતરમાં ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ યોજાયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાની કુસ્તી સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થીની ચૌહાણ દ્રષ્ટિ પરેશભાઈએ પ્રશંસનીય દેખાવ કરતા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ભવ્ય સફળતાને પગલે દ્રષ્ટિ ચૌહાણની પસંદગી હવે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે કરવામાં આવી છે. વિદ્યાર્થીનીની આ વિશેષ સિદ્ધિ બદલ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા તેને હાર્દિક અભિનંદન અને તેના આગામી સ્તરની સ્પર્ધાઓ તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# ધારીના મીઠાપુર નક્કી ગામે બે શખ્સોએ પથ્થરોના ઘા મારી ઈજા કરી

અમરેલી,તા.૨૪

ધારી તાલુકાના મીઠાપુર નક્કી ગામે તારીખ ૨૩/૦૩/૨૬ના રોજ સાંજના પાંચ વાગ્યે એક હિંસક ઘટના બની હતી. બોરડી ગામના રહેવાસી લાલજીભાઈ શીરોયા અને તેમનો પરિવાર પોતાના ખેતરમાં સાઠીયુ ભેગી કરવાનું કામ કરી રહ્યા હતા. તે સમયે સિધ્ધરાજભાઈ ખુમાણ અને નરેશભાઈ સોલંકી નામના બે શખ્સો ફોરવ્હીલ ગાડી લઈને ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપીઓએ જમીન પોતાની હોવાનો દાવો કરી ફરિયાદી અને તેમના સાક્ષીઓને ગાળો ભાંડી હતી. ઉશ્કેરાયેલા આરોપીઓએ છૂટા પથ્થરના ઘા મારી ફરિયાદીની પત્નીને છાતીના ભાગે તથા ભાઈ નારણભાઈને પગે ઈજાઓ પહોંચાડી હતી. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી હતી. આ મામલે હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**આ જમીન અમારી છે તેમ કહી કહી હુમલો કરાયો**

# સ્થાનિક ચૂંટણી માટે આપના સંયોજક અરવિંદ કેજરીવાલ આજે અમરેલી આવશે



અમરેલી,તા.૨૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થાય તે પૂર્વે જ અમરેલી જિલ્લો રાજકારણનું મુખ્ય કેન્દ્ર બની રહ્યો છે. તમામ મોટી રાજકીય પાર્ટીઓ હાલ એક્શન મોડમાં જોવા મળી રહી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ અમરેલી માટે વિશેષ કાર્યક્રમોની જાહેરાત કરી દીધી છે. આજે બુધવારના રોજ બપોરે ૩ વાગ્યે અમરેલી APMC પાસે એક ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ખાસ હાજરી આપશે. ગુજરાતમાં સૌથી પહેલા પોતાના ઉમેદવારો જાહેર કર્યા બાદ હવે 'આપ' પાર્ટી અમરેલીથી જ વિધિવત રીતે પ્રચારના શ્રીગણેશ કરવા જઈ રહી છે. સૌરાષ્ટ્રના રાજકારણમાં અમરેલી હંમેશા મહત્વનું રહ્યું છે, ત્યારે ભાજપ, કોંગ્રેસ અને આપ ત્રણેય પક્ષો આ જિલ્લાને જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા હોય તેવ લાગી રહ્યુ છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે સા.કુંડલામાં કાયદાવિદો અને ખેડૂતો આપમાં જોડાયા



સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલા ખાતે આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશના સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સંગઠન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પક્ષની વિચારધારાથી પ્રભાવિત થઈને ૨૦થી વધુ નામી વકીલો વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. જેમાં હિંમતભાઈ બગડા, અમિતભાઈ રાઠોડ, ગોપાલભાઈ વિરાણી અને ઈરફાનભાઈ સુમરા જેવા અનુભવી એડવોકેટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લલિતભાઈ ચૌહાણ, અતુલભાઈ ડાભી અને અશોકભાઈ વિંઝુડા સહિતના કાયદાકીય ક્ષેત્રના અગ્રણીઓએ પણ પક્ષનો છેડો પકડ્યો હતો. વકીલોની સાથે સાથે સાવરકુંડલા તાલુકાના ખેડૂત પિયુષભાઈ સાવલિયા, ભરતભાઈ સાવલિયા અને રાહુલભાઈ મોલડીયાએ પણ પક્ષમાં પ્રવેશ કર્યો હતો. મનોજભાઈ સોરઠીયા અને દિલ્હીના પૂર્વ મેયર મહેશભાઈ ખીશીએ આ તમામ નવનિયુક્ત સભ્યોને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા. આ જોડાણથી સ્થાનિક સ્તરે પાર્ટીના સંગઠનને નવી ગતિ અને મજબૂતી મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.






# કુંકાવાવ ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૨૪

મંગળવારના રોજ વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે તાલુકા આરોગ્ય અધિકારી ડો. ડી.બી. બલદાણીયાના સચોટ માર્ગદર્શન હેઠળ તેમજ આઈ.ટી.આઈ. કુકાવાવના પ્રિન્સિપાલ ચૌધરીના વિશેષ સહકારથી વિદ્યાર્થીઓ માટે ક્ષય રોગ વિશેના એક ભવ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે રોગ થવાના કારણો, તેના પ્રાથમિક ચિન્હો અને લક્ષણો, નિદાનની પદ્ધતિઓ તેમજ ઉપલબ્ધ સારવાર વિશે સમજણ આપી સામાજિક જાગૃતિ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ વિશેષ અવસરે ક્ષયના દર્દીઓને પોષણક્ષમ આહાર મળી રહે તેવા ઉમદા હેતુથી સામાજિક સેતુ બનાવી નિક્ષય મિત્રના સહયોગ દ્વારા ચાર જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ કીટ અર્પણ કરવામાં આવી હતી.

**નામ બદલાવેલ છે**

આથી સોગદપૂર્વક જણાવુ છું કે મારુ જૂનુ નામ મહેતા મીતેશ્વરીબેન અનિલકુમાર હતુ જે તેમાંથી બદલાવી નવું નામ મહેતા મીતેશ્વરીબેન અનિલભાઈ રાખેલ છે. હવેથી હું મહેતા મીતેશ્વરીબેન અનિલભાઈ નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

**મહેતા મીતેશ્વરીબેન અનિલભાઈ**
શાકમાર્કેટ પાસે, દેવળા ગેઈટ સાવરકુંડલા
જી.અમરેલી ૩૬૪૫૧૫












## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામું પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-કુંતાણા ગામે ખેડુત ખાતા નં-૪૬૭ ની ખેતીના માલીકશ્રી હિરપરા અનસુયાબેન રમેશભાઈ ના સ્વતંત્ર નામે મોજે-કુંતાણા, સ.નં-૩૮/૧/ પૈકી ૨, ક્ષેત્ર.હે.આરે. ચોમી. ૧-૬૧-૮૮, આકાર-૬.૯૬ વાળી ખેતીની જમીન....

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં દાડમા સેવા સહકારી મંડળી લી. નો રૂા.૨૪,૦૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૮ (આઠ) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૮ (આઠ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

**સ્થળ :- લીલીયા**
**તારીખ :- ૨૪/૩/૨૦૨૬**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૭૮/૨૦૨૬ — તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. પાનસુરીયા હસમુખભાઈ ખોડાભાઈ
રહે. નેસડી,તા.સાવરકુંડલા,

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નેસડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી પાનસુરીયા વિભુતાબેન મનસુખભાઈનો જન્મ તા.૦૧/૦૨/૧૯૭૧ ના રોજ મુ.નેસડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૧/૨૦૨૬ — તા.૧૩/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. વાઘેલા મનજીભાઈ લધુભાઈ
રહે. બાઢડા,તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની ભાણકી પાયલબેન ગોવિંદભાઈ પરમારનો જન્મ તા.૨૦/૦૧/૨૦૦૦ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૯૪/૨૦૨૬ — તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. કાલાવડીયા યાસીનભાઈ કાદરભાઈ
રહે. બાગે અમન સોસાયટી, ખાદી કાર્યાલય પાછળ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી કાલાવડીયા યાસીનભાઈ કાદરભાઈનો જન્મ તા.૦૧/૦૯/૧૯૭૩ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૦૨/૨૦૨૬ — તા.૧૭/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. સેલોત હારૂનભાઈ આદમભાઈ
રહે. ખાદી કાર્યાલય પાછળ, પાણીની ટાકી પાસે, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભાઈ સેલોત સલીમભાઈ આદમભાઈનો જન્મ તા.૦૧/૦૫/૧૯૮૦ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

તંત્રી લેખ

# યુદ્ધ વિરામ કે અનિશ્ચિત ભાવિ

મધ્ય પૂર્વમાં ફરી એકવાર ભયાનક યુદ્ધનો માહોલ ઊભો થયો છે અને વિશ્વની નજર ઈરાન-યુએસ સંબંધો પર છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો હાલમાં ભારત, કેનેડા અને કેન્યાના નેતાઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી રહ્યા છે. વોશિંગ્ટનથી મળેલી માહિતી અનુસાર, તેમણે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે પશ્ચિમ એશિયામાં વધતા તણાવ, ઈરાન સામેની વ્યૂહનીતિ અને પરિસ્થિતિની બદલાતી કટોકટી પર ચર્ચા કરી. બંને દેશોએ શાંતિ અને સ્થિરતા જાળવવા માટે સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે અને પરસ્પર પ્રાથમિકતાઓને આગળ વધારવાનો સંકલન કર્યો છે. આ સંવાદ વૈશ્વિક રાજકીય દબાણ અને સુરક્ષા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.રબિયો એ કેનેડાના વિદેશ મંત્રી અનીતા આનંદ સાથે પણ વાત કરી હતી, જેમાં ટ્રમ્પ દ્વારા ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા માટે લીધેલા પગલાં અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા મુદાઓ પર ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત, આફ્રિકાના ભાગીદાર કેન્યાના પ્રમુખ વિલિયમ રુટો સાથેની વાતચીતમાં રુબિયોએ ઈરાનની આક્રમક પ્રવૃત્તિ માટે આભાર વ્યક્ત કર્યો અને ઓપરેશન ‘‘એપિક ફ્યુરી’’ અને કેન્યાના સહયોગી સંઘઠનો ઉલ્લેખ કરીને તેમનો સહયોગ પ્રશંસનીય ગણાવ્યો. અમેરિકા હાલમાં એશિયા, ઉત્તર અમેરિકા અને આફ્રિકા સાથે પોતાના મુખ્ય ભાગીદાર દેશો સાથે સંકલન મજબૂત કરી રહ્યું છે. ઈરાનનો વધતો પ્રભાવ અને વૈશ્વિક સુરક્ષાના પડકારોને પહોંચી વળવા માટે અમેરિકન વહીવટીતંત્ર સતત સક્રિય છે. ભારત, કેનેડા અને કેન્યા જેવા દેશો સાથે સંવાદ દર્શાવે છે કે આવનારા સમયમાં મધ્ય પૂર્વ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે અમેરિકાએ વધુ કડક અને નિર્ણયાત્મક વલણ અપનાવી શકે છે.ઈરાન અને અમેરિકાની તાણભર્યા સંબંધોમાં તાજેતરમાં પાંચ દિવસનો વિરામ નોંધાયો છે. આ વિરામ ખાસ કરીને ઈરાનની પાવર અને એનર્જી સંસ્થાઓ પર અમેરિકાના પગલાં બાદ આવ્યો, જે વૈશ્વિક બજારો માટે ચિંતાજનક સાબિત થયું. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો, પ્રતિ બેરલ $૧૦૪ સુધી ઘટી ગયો. સ્ટોક માર્કેટ્સ અસ્થિર રહ્યા, સેન્સેક્સ અને નિફ્ટી ઘટ્યા, છતાં યુએસ ફ્યુચર્સ વધી રહ્યા છે. આ બધું વૈશ્વિક બજારમાં અચાનક વોલેટિલિટીની નિશાની છે.વિરામ, અસ્થિરતા વચ્ચે પણ, સંઘર્ષને ઊભું રાખવાનું પગલું છે. અગાઉ, ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ૪૮ કલાકની અંદર અલ્ટીમેટમ આપ્યું હતું, જે સંકટ ઊભું કરી શકે છે. હવે ટ્રમ્પ સંકેત આપી રહ્યા છે કે ઈરાન વાટાઘાટ માટે ખુલ્લું હોઈ શકે છે અને નાજુક રાજકીય વાતચીત શરૂ કરવાની શક્યતા છે. યુરોપિયન શક્તિઓ અને ભારત જેવા મધ્યસ્થી દેશો આ તકનો લાભ ઉઠાવી શકે છે.વિરામ દરમિયાન, લગભગ ૪,૫૦૦ યુએસ મરીન સંઘર્ષ ક્ષેત્રમાં પહોંચ્યા છે, જે સંજોગોને કાબૂમાં રાખવા માટે તૈયાર છે. આ સમયે સંઘર્ષ નાજુક અને બે-મુખી છે, એક તરફ શાંતિ અને ઉકેલની આશા છે, બીજી તરફ ફરી તણાવ ઊભો થાય તેવી શક્યતા છે. યાદ રાખવાની બાબત એ છે કે આ વિરામ સંઘર્ષના અંતની શરૂઆત હોઈ શકે છે, અથવા ફક્ત શરૂઆતના જટિલ અવસ્થાનું અંત દર્શાવે છે. કોઈ ચોક્કસ નિર્ણય પહેલા બંને પક્ષોની વ્યૂહરચના, આંતરરાષ્ટ્રીય દબાણ અને સ્થાનિક રાજકીય તાણને સમજવું જરૂરી છે. વૈશ્વિક રોકાણકારો, રાજકીય નેતા અને સામાન્ય લોકો સાવધ રહેવા પર છે. વિરામ નાજુક અને સંભવિત ઉકેલ સાથે ભરેલો છે. સંઘર્ષના આગળના પગલાં વિશે સંપૂર્ણ નિશ્ચય કરવો અઘરું છે અને તે વર્તમાન પરિસ્થિતિઓ પર આધાર રાખે છે. આ સંઘર્ષ હાલની અનિશ્ચિતતામાં ફસેલો છે. વિશ્વ માટે આ સમયગાળો સાવચેતી અને અવલોકનની જરૂરિયાત દર્શાવે છે, જ્યાં દરેક રાજકીય દાવપેચનું પરિણામ ભવિષ્યને ઘેરી રીતે અસર કરે છે.

# લીલીયામાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતના અધ્યક્ષસ્થાને તાલુકા કોંગ્રેસની બેઠક યોજાઈ

લીલીયા મોટા,તા.૨૪



લીલીયા મોટાના જલારામ મંદિર ખાતે અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતના અધ્યક્ષસ્થાને તાલુકા કોંગ્રેસ સમિતિની એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી, તળાજાના ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રભારી કનુભાઈ બારૈયા તેમજ ગારીયાધાર કોંગ્રેસના અગ્રણી પી.એમ. ખેની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે લીલીયા તાલુકાના ૩૭ ગામોના કોંગ્રેસ આગેવાનો અને કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પરેશભાઈ ધાનાણીએ આગામી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપતા દરેક સીટ દીઠ સંકલન સમિતિની રચના કરવા જણાવ્યું હતું. તેમણે મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી જેવા મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

# રાજુલા,ડુંગરમાં પૂરઝડપે વાહન હંકારતા બે ઝડપાયા

**પોલીસે બંને શખ્સો સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી,તા.૨૪

રાજુલા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ વૈભવભાઈ દ્વારા આરોપી હામદભાઈ કાબરીયા વિરુધ્ધ ગુનો નોંધાયો છે, જેઓ પોતાની રિક્ષા (GJ 23 Z 1427) પૂરઝડપે ચલાવતા ઝડપાયા હતા. બીજી તરફ, ડુંગર રેલ્વે ફાટક પાસે પોલીસ કોન્સ્ટેબલ મયુરભાઈએ લુસડી ગામના કાકુભાઈ પરમારને પોતાની સીટી ૧૦૦ મોટરસાયકલ (GJ 04 7784) ગફલતભરી રીતે ચલાવતા પકડી પાડ્યા હતા. આ બંને કિસ્સામાં ચાલકોએ અન્ય રાહદારીઓ અને વાહનચાલકોની જિંદગી જોખમાય તે રીતે વાહન હંકારી કાયદાનો ભંગ કર્યો હોવાનું ગૂનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લાઠીમાં રહેતા ૨૫ વર્ષીય યુવાનનો અગમ્ય કારણોસર આપઘાત

**મૃતકના પિતાએ લાઠી પોલીસ સ્ટેશનમાં જાણ કરી**

અમરેલી,તા.૨૪

લાઠી ખાતે રહેતા ૨૫ વર્ષીય ચિંતન ઉર્ફે દિવ્યેશ દિનેશભાઈ ગળથીયાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું છે. આ ઘટના અંગે મૃતકના પિતા દિનેશભાઈ કરશનભાઈ ગળથીયા, જે હાલ સુરતના સીમાડા નાકા વિસ્તારમાં રહે છે અને હીરાકામ સાથે સંકળાયેલા છે, તેમણે લાઠી પોલીસ સ્ટેશનમાં જાણ કરી છે. ઘટનાની ગંભીરતાને જોતા લાઠી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. એન.જી. લુખી દ્વારા જરૂરી નોધ કરવામાં આવી છે. હાલમાં આ સમગ્ર બનાવની તપાસ હેડ કોન્સ્ટેમ્બલ કે.કે.રાઠોડ ચલાવી રહ્યાં છે. યુવાન પુત્રના આકસ્મિક મોતથી પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો છે.

# અમરેલીમાં જ્વેલર્સના વેપારીએ નાણા લઈ સોનાની ચેઈન ન આપતા છેતરપીંડી

અમરેલી,તા.૨૪

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં રહેતા ભાવિનભાઈ ગીરીશભાઈ વાઘેલાએ ગીરીરાજ જ્વેલર્સના માલિક હીરેન પ્રવિણભાઈ ચાંપાનેરી વિરુદ્ધ છેતરપિંડીની ગંભીર ફરિયાદ નોંધાવી છે. ફરીયાદી ભાવિનભાઈએ સોનાની બે ચેઈન બનાવવા માટે આરોપીને ગુગલ પે દ્વારા ૫૦,૦૦૦ રૂપિયા અને રોકડા ૮૩,૦૦૦ રૂપિયા મળી કુલ ૧,૪૩,૦૦૦ રૂપિયાની માતબર રકમ ચૂકવી હતી. આમ છતાં, આરોપીએ સોનાની ચેઈન બનાવી આપી નહોતી અને વિશ્વાસઘાત કરી નાણાં હડપ કરી લીધા હતા. જ્યારે ફરીયાદી પોતાની રકમ અથવા દાગીના લેવા માટે અવારનવાર દુકાને ગયા, ત્યારે આરોપીએ નમ્રતા દાખવવાને બદલે બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના અનાર્મ એ.એસ.આઈ. એન.વી. લંગાળીયા દ્વારા કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. વિશ્વાસમાં લઈ આચરવામાં આવેલી આ છેતરપિંડીએ વેપારીઓમાં ચર્ચા જગાવી હતી.

**હનુમાનપરામાં રહેતા યુવકે ગીરીરાજ જ્વેલર્સના માલિક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

# અરજણસુખ ગામે વધુ વજન હોવાથી માનસિક ચિંતામાં સગીરાએ ઝેરી દવા પીધી

**ડુંગર ગામે યુવતીએ ભુલથી એસીડ ગટગટાવ્યું**

અમરેલી,તા.૨૪

વડિયા તાલુકાના અરજણસુખ ગામે રહેતી સગીરાએ જાહેર કર્યું છે કે તેઓ હડાળા ખાતેની શાળામાં ધોરણ ૯ માં અભ્યાસ કરે છે. સગીરાના જણાવ્યા મુજબ, પોતાનું વજન વધુ હોવાને કારણે તેઓ સતત માનસિક ચિંતા અને લઘુતાગ્રંથિ અનુભવતા હતા. આ બાબત મનમાં લાગી આવતા, ગત રોજ તેઓએ પોતાના ઘરે રહેલી ઘાસ (ખળ) માં છાંટવાની ઝેરી દવાનું એક ઢાકણું પી લેતા ઝેરી અસર થઈ હતી. જેથી સગીરાને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે વડીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એસ.એલ. જાડેજા દ્વારા આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. રાજુલા તાલુકાના ડુંગર ગામે રહેતા તસ્લીમબેન શબ્બીરભાઈને અચાનક ઉધરસ ઉપડતા, તેમણે અંધારામાં કે ઉતાવળમાં પાણીયારા પર રાખેલી કફ સિરપની બાજુમાં રહેલી એસિડની બોટલને ભૂલથી દવા સમજી પી લીધી હતી.જેમાં યુવતીને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી.

# બાબરાના ગરણી ગામે ચૈત્રી નવરાત્રિની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૨૪



બાબરાના ગરણી ગામમાં આવેલ પવિત્ર શક્તિધામ આશ્રમ ખાતે ચૈત્રી નવરાત્રિની પરંપરાગત રીતે ભવ્ય ઉજવણી થઈ રહી છે. વાલબાઈમાંની આ પવિત્ર જગ્યા પર શ્રદ્ધાળુઓ નવ દિવસ સુધી અતૂટ શ્રદ્ધા સાથે પૂજા અને અર્ચના કરી રહ્યા છે. આ પાવન અવસરે આશ્રમ પરિસરમાં વિશેષ રાસોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં જયદાન ગઢવી, જશુબેન આહિર અને રાહુલ બારોટ જેવા ખ્યાતનામ કલાકારોએ ગરબાની અનોખી રમઝટ બોલાવી.


# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૬૪૬ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૯૮૦ | ૧૦૩૦ |
| બાજરી | ૨૫૦ | ૩૫૭ |
| તુવેર | ૧૨૨૫ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૦૫૮ |
| ચણા સફેદ | ૧૦૭૫ | ૧૭૩૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૭૦ |
| મગ | ૧૦૮૦ | ૧૬૮૦ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૨૦૦ |
| વટાણા | ૭૦૦ | ૧૩૧૧ |
| કળથી | ૩૬૦ | ૩૭૫ |
| રાજમા | ૧૨૫૦ | ૧૯૭૪ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૯૫૩ |
| મગફળી જાડી | ૧૦૭૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૦૪૦ | ૧૫૩૦ |
| તલી | ૧૫૫૦ | ૨૧૧૦ |
| સુરજમુખી | ૧૪૭૫ | ૧૫૫૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૯૮ |
| અજમો | ૧૨૦૦ | ૨૦૫૦ |
| સુવા | ૧૧૮૫ | ૧૫૭૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૩૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૭૨૫ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૭૦૦ | ૨૦૦૦ |
| ધાણા | ૧૮૫૦ | ૨૦૯૫ |
| મરચા સુકા | ૧૯૦૦ | ૬૫૦૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૯૨૫ |
| વરીયાળી | ૯૯૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૧૪૦ |
| રાય | ૯૦૦ | ૧૩૨૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૫૫૮ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અશેરીયો | ૮૧૦ | ૧૦૮૦ |
| કલોંજી | ૨૧૦૦ | ૩૧૧૨ |
| રાયડો | ૮૦૦ | ૧૨૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૧૦૧૧ | ૧૨૧૪ |
| લીંબુ | ૧૩૩૪ | ૨૬૨૯ |
| સાકરટેટી | ૧૦૭ | ૨૯૯ |
| તરબુચ | ૧૫૨ | ૩૦૪ |
| પપૈયા | ૮૪ | ૧૫૩ |
| બટેટા | ૯૩ | ૨૫૮ |
| ડુંગળી સુકી | ૬૧ | ૨૭૦ |
| ટમેટા | ૧૧૧ | ૩૧૩ |
| સુરણ | ૮૧૨ | ૧૦૨૩ |
| કોથમરી | ૧૯૧ | ૩૧૨ |
| સકરીયા | ૩૨૯ | ૬૦૯ |
| મુળા | ૪૦૮ | ૬૧૪ |
| રીંગણા | ૨૦૩ | ૪૨૨ |
| કોબીજ | ૬૩ | ૧૧૨ |
| ફ્લાવર | ૨૩૯ | ૪૪૮ |
| ભીંડો | ૬૫૮ | ૮૬૯ |
| ગુવાર | ૩૫૮ | ૮૧૪ |
| ચોળાસીંગ | ૭૦૪ | ૧૧૪૭ |
| વાલોળ | ૪૭૯ | ૭૦૪ |
| ટીંડોળા | ૪૦૩ | ૯૫૪ |
| દુધી | ૧૭૩ | ૨૮૮ |
| કારેલા | ૪૭૯ | ૬૧૨ |
| સરગવો | ૨૦૭ | ૪૧૮ |
| તુરીયા | ૪૧૯ | ૬૨૪ |
| પરવર | ૧૦૩૮ | ૧૪૩૧ |
| કાકડી | ૧૮૪ | ૪૬૯ |
| ગાજર | ૧૯૩ | ૩૯૯ |
| વટાણા | ૧૪૨૧ | ૧૮૧૪ |
| ગલકા | ૪૧૮ | ૫૬૪ |
| બીટ | ૧૦૯ | ૨૧૫ |
| મેથી | ૧૭૬ | ૨૫૨ |
| વાલ | ૫૫૯ | ૭૭૯ |
| ડુંગળી લીલી | ૨૫૭ | ૩૬૪ |
| આદુ | ૧૦૦૭ | ૧૨૨૪ |
| મરચા લીલા | ૫૧૪ | ૬૨૧ |
| લસણ લીલું | ૫૧૨ | ૯૧૩ |
| મકાઇ લીલી | ૧૩૨ | ૨૨૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૬૧ | ૧૬૩૬ |
| મગફળી જીણી | ૧૨૫૬ | ૧૫૨૬ |
| સિંગ ફાડીયા | ૧૨૭૧ | ૧૯૧૧ |
| એરંડા / એરંડી | ૧૨૬૧ | ૧૩૧૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૩૫૧ |
| કલંજી | ૧૫૦૦ | ૩૧૪૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૪૫૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૮૬ |
| અડદ | ૧૧૦૧ | ૧૨૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૫૧૧ |
| રાયડો | ૧૧૩૧ | ૧૧૭૧ |
| મેથી | ૮૦૦ | ૧૩૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૫૫૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૭૮૧ |
| મગફળી ૬૬ | ૧૪૨૧ | ૧૫૧૧ |
| ડુંગળી સફેદ | ૧૮૧ | ૨૭૬ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૨૧ |
| ગોગળી | ૧૨૪૧ | ૧૩૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૮ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| આંબલી | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૮૦ | ૮૦૦ |
| વાલોર | ૩૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૭૮૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૭ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૦૦ | ૧૪૦૫ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૨૫ |
| શિંગ દાણા | ૧૬૩૫ | ૧૮૪૫ |
| શિંગ દાણા ફાડા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૦૪૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૭૪૫ |
| તલ કાશમીરી | ૧૨૦૦ | ૧૯૪૦ |
| બાજરો | ૨૪૦ | ૨૪૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૭૦૫ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૫૪૫ |
| મગ | ૧૧૪૦ | ૧૭૫૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૦ |
| ચણા દેશી | ૯૦૦ | ૧૦૨૫ |
| સફેદ ચણા | ૯૨૦ | ૧૧૦૦ |
| છોલે ચણા | ૧૦૧૦ | ૧૬૦૫ |
| તુવેર | ૭૬૦ | ૧૪૮૦ |
| કપાસ | ૯૦૦ | ૧૭૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| જીરુ | ૨૦૦૦ | ૪૨૦૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૨૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૮૯૦ | ૨૨૭૦ |
| ધાણી | ૧૮૮૦ | ૨૯૧૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૭૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૪૫ |
| મરચાં લાંબા | ૧૨૦૦ | ૬૪૪૦ |
| મરચાં ધોલર | ૧૨૬૦ | ૭૭૯૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૩૦ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૪૪૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૦૫ |
| ધાણા | ૧૩૦૦ | ૨૦૫૫ |
| શીંગ દાણા | ૧૪૩૫ | ૧૯૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૫૦ |
| મગફળી | ૯૯૫ | ૧૨૯૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| જુવાર | ૭૪૦ | ૭૪૦ |
| રાય | ૯૫૦ | ૧૪૨૦ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા સોલે | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ચણા સફેદ | ૭૦૦ | ૮૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૮૯૦ | ૧૮૯૦ |
| અડદ | ૧૦૪૫ | ૧૧૯૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૬૭ |
| ચણા | ૯૫૫ | ૧૦૨૬ |
| તુવેર | ૯૧૦ | ૧૪૬૧ |
| ધાણા | ૧૫૦૧ | ૧૯૭૦ |
| રાયડો | ૧૦૪૧ | ૧૧૦૦ |
| લાલ તુવેર | ૧૧૮૧ | ૧૧૮૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૫૪૦ |
| સોયાબીન | ૭૫૦ | ૯૭૫ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૪૫ | ૧૨૫૦ |
| જુવાર | ૨૭૦ | ૯૯૮ |
| બાજરી | ૩૦૦ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૬૪૮ |
| ધાણા | ૧૦૨૦ | ૨૧૦૦ |
| અડદ | ૫૧૫ | ૧૦૦૦ |
| મગ | ૫૦૦ | ૧૯૩૦ |
| રાય | ૧૦૨૫ | ૧૩૦૦ |
| ચણા | ૯૪૦ | ૧૦૪૫ |
| તલ સફેદ | ૧૭૧૫ | ૧૭૧૫ |
| તલ કાળા | ૨૩૫૦ | ૨૩૫૦ |
| તુવેર | ૩૦૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૩૪૧૦ | ૩૪૧૦ |
| ડુંગળી લાલ | ૭૭ | ૨૪૯ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૮૩ |
| નાળીયેર | ૫૦૪ | ૨૬૭૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૦૧ | ૧૬૪૦ |
| મગફળી | ૧૧૭૬ | ૧૩૧૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૨૮ |
| તુવેર | ૧૪૫૦ | ૧૪૫૧ |
| ધાણા | ૧૪૫૧ | ૨૧૧૧ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| જીરૂ | ૩૭૨૫ | ૩૭૨૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૮૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| બાજરો | ૨૯૦ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૩૩ |
| જુવાર | ૫૩૦ | ૧૧૦૧ |
| મગ | ૧૧૦૦ | ૨૨૦૦ |
| મઠ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૧૩ |
| ધાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| મેથી | ૧૦૦૧ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૨૧ | ૧૦૨૬ |
| રાય | ૧૦૫૦ | ૧૩૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૧ | ૫૯૭ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૮૫ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૮૦ |
| રાય | ૧૦૩૦ | ૧૨૮૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૬૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૭૬ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૮૬ |
| જુવાર | ૯૦૦ | ૧૦૯૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૬૩૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૭૪ |
| ચણા | ૯૫૦ | ૧૦૩૩ |
| સોયાબીન | ૯૮૦ | ૧૦૭૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૯૦૮ |
| કપાસ | ૧૨૮૦ | ૧૬૨૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૦ |
| મગફળી | ૯૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૯૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૭૦ |



06
લાગે તો તીર : - ટિકિટ આપો.. ટિકિટ આપો.. ટિકિટ આપો.

# આખા દેશમાં યુસીસીનો અમલ ક્યારે ?




ગુજરાતમાં યુસીસીના અમલનો તખ્તો તૈયાર છે.

ગુજરાત સરકારે સમાન નાગરિક સંહિતા એટલે કે યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ને મંજૂરી આપી દીધી પછી આજે એટલે કે ૨૫ માર્ચ ને બુધવારે ગુજરાત સરકાર સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬ બિલ વિધાનસભામાં રજૂ કરવાની છે. વિધાનસભામાં જંગી બહુમતી ધરાવતો ભાજપ આ બિલ સરળતાથી પસાર કરી દેશે તેમાં કોઈ શંકા નથી. યુસીસીનો મતલબ રાજ્યના તમામ નાગરિકો માટે એકસરખા કાયદા કે નિયમો એવો થાય છે તેથી ગુજરાતમાં યુસીસી અમલી બનતાં બીજા બધા પર્સનલ લો નકામા થઈ જશે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ભાજપના છે અને રાષ્ટ્રપતિ ડો. દ્રૌપદી મુર્મુ પણ ભાજપનાં છે તેથી ગુજરાત વિધાનસભા યુનિફોર્મ સિવિલ કોડ (UCC) પસાર કરે પછી સરળતાથી તેના પર સહી થઈ જશે અને બહુ જલદી તેનો અમલ પણ થઈ જશે. આ અમલ શરૂ થતાં યુસીસીનો અમલ કરનારું ગુજરાત ગોઆ અને ઉત્તરાખંડ પછી ત્રીજું રાજ્ય બની જશે.

ગોઆમાં અગાઉના પોર્ટુગીઝ શાસન વખતથી જ સમાન સિવિલ કોડ અમલી છે જ્યારે ઉત્તરાખંડમાં ભાજપ સરકારે યુસીસી અમલી બનાવ્યો છે. હવે મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ સહિતનાં ભાજપ શાસિત રાજ્યો પણ યુસીસીનો અમલ કરવા થનગની રહ્યાં છે એ જોતાં ગુજરાતના પગલે યુસીસીનો અમલમાં લાઈન લાગી જશે એવું લાગે છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની વાર છે પણ ઉત્તર પ્રદેશમાં આવતા વરસે માર્ચમાં ચૂંટણી છે એ જોતાં હવે પછી ઉત્તર પ્રદેશ યુસીસીનો અમલ કરે એવી પ્રબળ શક્યતા છે.

■■■

ગુજરાતના યુસીસીમાં શું છે ?

ગુજરાતના યુસીસીમાં તમામ ધર્મનાં લોકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ, ખાધા-ખોરાકી અને દત્તક લેવાના નિયમો એકસરખા છે. ગુજરાતના યુસીસીમાં હિંદુ, શીખ, ખ્રિસ્તી, મુસ્લિમ સહિતના તમામ ધર્મનાં લોકો માટે લગ્ન અને લિવ-ઈન રીલેશનશીપની નોંધણી ફરજિયાત કરી દેવાઈ છે. લગ્ન માટે નોંધણી નહીં કરાવનારને ૧૦ હજાર રૂપિયાનો આકરો દંડ થશે. લિવ ઈન રીલેશનમાં રહેનારાં બે પાત્રો પૈકી કોઈ એકની ઉંમર ૨૧ વર્ષથી ઓછી હોય તો તેનાં માતા-પિતાની સંમતિ ફરજિયાત કરાઈ છે.

દેશભરમાં લવ જિહાદનો મુદ્દો ગાજી રહ્યો છે. મુસ્લિમ યુવકો હિંદુ તરીકેની ઓળખ આપીને હિંદુ છોકરીઓને ફસાવે છે અને છેતરીને લગ્ન કરીને તેમનું ધર્માંતરણ કરાવે છે એવા આક્ષેપો થાય છે. ગુજરાતના યુસીસીમાં યુવતીઓની સલામતી માટે લગ્ન અને લિવ-ઈન રીલેશન બંનેમાં પોતાની ઓળખ કે ધર્મ છૂપાવનારને ૧૦ વર્ષ સુધીની જેલની સજા થશે. લવ જિહાદને રોકવા માટે કોઈ પુરૂષ એક પત્ની હોવા છતાં બીજી પત્ની રાખે તો તેને પણ જેલની સજાની જોગવાઈ કરાઈ છે. એ જ રીતે ધર્મના નામે અમલી કાયદાના આધારે પત્નીને છૂટી નહીં કરી શકાય કેમ કે છૂટાછેડા કોર્ટ મારફતે જ થશે.

ગુજરાતના યુસીસીમાં મુસ્લિમ પર્સનલ લોની ઘણી જોગવાઈઓનો છેદ ઉડાડી દેવાયો છે. મુસ્લિમોમાં સ્ત્રીએ તલાક પછી ફરી એ જ પુરૂષ સાથે લગ્ન કરવાં માટે બીજા પુરૂષ સાથે શરીર સંબંધ બાંધવાના હલાલા, ઈદ્દત સહિતના નિયમો પાળવા પડે છે. સ્ત્રીઓ માટે અત્યંત અપમાનજનક નિયમોને ગેરકાયદેસર જાહેર કરી દેવાયા છે.

સૌથી મોટી જોગવાઈ એ છે કે, તમામ મહિલાઓને પૈતૃક સંપત્તિમાં હિસ્સો મળશે. મુસ્લિમોમાં પત્ની, દીકરી, માતા વગેરે સ્ત્રીઓને પૈતૃક સંપત્તિમાં ભાગ નથી મળતો. ગુજરાતના યુસીસીમાં સ્ત્રી અને પુરૂષ બંનેને વારસાઈમાં સમાન હકદાર ગણીને પત્ની પુત્ર-પુત્રી, માતા-પિતાને પહેલી કેટેગરીમાં રખાયાં છે તેથી દીકરી પણ સંપત્તિમાં દીકરા જેટલી જ ભાગીદાર હશે.

એક મહત્વની જોગવાઈ લગ્નના એક વર્ષ સુધી છૂટાછેડા નહીં થઈ શકે એ છે અને આ જોગવાઈના કારણે વિવાદ થઈ શકે છે કેમ કે હાઈકોર્ટ પોતે એવા ચુકાદા આપી ચૂકી છે કે, પતિ-પત્ની બંને સહમત હોય તો તાત્કાલિક છૂટાછેડા આપી શકાય છે. કોઈને પરાણે સાથે રહેવાની કે લગ્ન બંધનને નિભાવવાની ફરજ ના પાડી શકાય. ગુજરાતના યુસીસીમાં લગ્નને પરાણે વરસ સુધી નિભાવવાની ફરજ પડાય છે તેથી વિવાદ સર્જાઈ શકે.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ગુજરાત પહેલાં ભાજપ શાસિત ઉત્તરાખંડમાં યુસીસીનો અમલ કરાયો છે. ગુજરાતના યુસીસીની તમામ જોગવાઈઓ ઉત્તરાખંડના યુસીસી જેવી જ છે. ઉત્તરાખંડની જેમ ગુજરાતમાં પણ આદિવાસીઓને યુસીસી લાગુ નહીં પડે.

■■■

યુસીસીમાંથી આદિવાસીઓ બાકાત કેમ ?

ભાજપે ઉત્તરાખંડમાં યુનિફોર્મ સિવિલ કોડ બનાવ્યો તેના દાયકામાંથી ૫ આદિવાસી સમુદાયને બાકાત રાખ્યા હતા. મતલબ કે, આદિવાસીઓને યુસીસી લાગુ નથી પડતો. ગુજરાતમાં પણ આદિવાસીઓને યુસીસી લાગુ નહીં પડે એવી જોગવાઈ છે. યુસીસીનો અર્થ રાજ્યના તમામ નાગરિકો માટે એકસરખા નાગરિક કાયદા કે નિયમો એવો થાય છે પણ ભાજપે બંને રાજ્યોમાં આદિવાસીઓને બાકાત રાખ્યા છે તેથી ભાજપ શાસિત રાજ્યોના યુસીસીને શુધ્ધ અને સંપૂર્ણ યુનિફોર્મ સિવિલ કોડ ના ગણી શકાય.

ભાજપે આદિવાસીઓને યુસીસીના દાયરામાંથી બહાર રાખ્યા તેનું કારણ મતબેંકનું રાજકારણ છે. ગુજરાતમાં આદિવાસીઓની વસતી ૧૫ ટકાથી વધારે છે. આદિવાસીઓ યુસીસીનો વિરોધ કરે છે તેથી ગુજરાતની ૧૫ ટકા વસતી યુસીસીના કારણે ભાજપથી ખફા થઈ જાય તો ભાજપની હાલત બગડી જાય તેથી ભાજપે આદિવાસીઓને યુસીસી લાગુ નહીં પડે એવો નિર્ણય લઈ લીધો.

ભાજપની દલીલ છે કે, આદિવાસીઓની પોતાની પરંપરાઓ ને પ્રથાઓનું પોતે સન્માન કરે છે તેથી તેમને યુસીસીના દાયરામાંથી બહાર રખાય છે. એ રીતે જોઈએ તો હિંદુઓમાં પણ દરેક જ્ઞાતિની પોતપોતાની પરંપરાઓ છે, મુસ્લિમોની પણ પોતાની પરંપરાઓ છે તો ભાજપ તેને કેમ માન નથી આપતો ?

■■■

ભાજપનો આ નિર્ણય કોંગ્રેસના મુસ્લિમ તુષ્ટિકરણ જેવો જ છે.

કોંગ્રેસે દેશની ૧૦ ટકા મુસ્લિમ વસતીની વોટ બેંકની લાલચમાં બંધારણીય જોગવાઈ છતાં યુસીસી લાગુ ના કર્યો. તેના બદલે મુસ્લિમ પર્સનલ લો સહિતના કાયદા બનાવીને મુસ્લિમોને ખુશ કર્યા. ભાજપ પણ આદિવાસીઓને યુસીસીના દાયરામાંથી બહાર રાખીને એ જ મતબેંકની રમત રમી રહ્યો છે.

કોંગ્રેસની મતબેંકની રમતના કારણે મુસ્લિમ મહિલાઓને ભારે અન્યાય થયો ને ભાજપની રમતના કારણે આદિવાસી મહિલાઓને અન્યાય થશે કેમ કે આદિવાસીઓમાં પણ મુસ્લિમોની જેમ બહુપત્નીત્વની પ્રથા છે. મુસ્લિમોમાં પુરૂષ એક સાથે ૪ પત્ની રાખી શકે જ્યારે ઘણા આદિવાસી સમુદાયોમાં તો ઈચ્છે એટલી પત્નીઓ રાખી શકે છે. મુસ્લિમોમાં સ્ત્રીઓને સંપત્તિમાં હિસ્સો નથી મળતો એ રીતે આદિવાસીઓમાં પણ સ્ત્રીઓને સંપત્તિમાં હિસ્સો નથી મળતો.

■■■

ભાજપ પણ આદિવાસી મહિલાઓને અન્યાય ચાલુ રાખવા માગે છે.

સુપ્રીમ કોર્ટે ૧૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ રામ ચરણ અને અન્ય વિરુધ્ધ સુખરામ અને અન્યના કેસમાં સીમાચિહ્નરૂપ ચુકાદો ચુકાદો આપ્યો કે આદિવાસી મહિલાઓ પણ પૈતૃક એટલે કે પૂર્વજોની મિલકતના વારસામાં સમાન અધિકાર ધરાવે છે. મહિલાઓને સંપત્તિના અધિકારથી બાકાત રાખતી પરંપરાગત પ્રથાઓ ખોટી છે અને બંધારણની કલમ ૧૪ હેઠળ લિંગના આધારે સમાનતાના અધિકારોનો ભંગ કરે છે. સુપ્રીમ કોર્ટે આદિવાસી ગોંડ સમુદાયના સંદર્ભમાં આ ચુકાદો આપ્યો હતો પણ બીજા આદિવાસી સમુદાયોમાં હજુય મહિલાઓને પૈતૃક સંપત્તિમાંથી બાકાત જ રખાય છે.

આદિવાસી મહિલાઓને સંપત્તિમાં હિસ્સો મળતો નથી તેનું કારણ એ છે કે, હિંદુ સક્સેશન એક્ટ આદિવાસીઓને લાગુ પડતો નથી. તેના કારણે વરસોથી આદિવાસી મહિલાઓને અન્યાય થાય છે અને આદિવાસી મહિલાઓ પુરૂષોની આશ્રિત બનીને રહી ગઈ છે. આદિવાસીઓ પાસે જમીનો છે તેમાંથી ૮૪ ટકા જમીનો પુરૂષોના નામે છે જ્યારે ૧૬ ટકા જમીનો જ મહિલાઓના નામે છે. તેના પરથી જ મહિલાઓની શું સ્થિતી છે ને તેમને કેવો અન્યાય થાય છે એ સ્પષ્ટ થઈ જાય. યુસીસીમાં આદિવાસીઓનો પણ સમાવેશ કરીને આદિવાસી મહિલાઓને થતો અન્યાય દૂર કરી શકાય તેમ હતો પણ ઉત્તરાખંડ અને ગુજરાત બંનેના કાયદામાં આ અન્યાય દૂર કરાયો નથી.

ખેર, ભાજપ આદિવાસીઓના તુષ્ટિકરણનું રાજકારણ છોડવાનો નથી તેથી તેની ચર્ચાનો અર્થ નથી પણ આશા રાખીએ કે, ભાજપ રાજ્યોના બદલે આખા દેશમાં યુનિફોર્ન સિવિલ કોડ લાગુ કરે. ભાજપનું વચન આખા દેશમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલનું હતું ને એ વચન ભાજપ પૂરું કરે. ■

sanjogpurti@gmail.com

# "ધુરંધર : ધ રિવેન્જ" : ધર એ જ અસલી ધુરંધર




ફિલ્મી દુનિયાના બોક્સ ઓફિસ પર સાચા અર્થમાં 'ધુરંધર' સાબિત થયેલા દિગ્દર્શક આદિત્ય ધરની નવી પ્રસ્તુતિ "ધુરંધરઃ ધ રિવેન્જ" રિલીઝ થઈ એના પહેલા જ દિવસે જોવાનું સદભાગ્ય સાંપડ્યું. સાચું કહું તો, જ્યારે આ શ્રેણીનો પહેલો ભાગ રિલીઝ થયો હતો, ત્યારે મને તે તરત જોવાનું બહુ મન પણ થયું ન હતું. મને લાગ્યું હતું કે આ કદાચ અન્ય કોઈ સામાન્ય એક્શન ફિલ્મ હશે. પરંતુ ફિલ્મ રિલીઝ થયા પછી જે રીતે પાકિસ્તાન અને અન્ય મુસ્લિમ દેશોએ પ્રતિક્રિયા આપી, તેણે આદિત્ય ધરનું કામ આસાન કરી નાખ્યું. પાકિસ્તાન સહિતના દેશોએ જ્યારે ધુરંધર ઉપર પ્રતિબંધ મૂક્યો, ત્યારે મારી જિજ્ઞાસા જાગી અને મારે એ ફિલ્મ જોવી પડી. હકીકતમાં, મારે પાકિસ્તાન અને આરબ દેશોનો આભાર માનવો પડે કે આટલી સારી ફિલ્મ મેં જોઈ. તમે કહી શકો કે એ લોકોના વિરોધે જ મને આ ફિલ્મ જોવડાવી અને હું એક શ્રેષ્ઠ કલામય કૃતિથી વંચિત રહેતા બચી ગયો.

ધુરંધરના પહેલા ભાગે જે રીતે બોક્સ ઓફિસના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા, તે જ લય બીજા ભાગમાં પણ જળવાઈ રહી છે અને આ ભાગ પણ અત્યારે જોરદાર તોડફોડ કરી રહ્યો છે. ખાસ કરીને પાકિસ્તાનમાં આ ફિલ્મને લઈને ભારે હોબાળો મચ્યો છે અને હજી પણ વધુ તોડફોડ થાય તેવી પૂરી શક્યતા છે. પાકિસ્તાને જે રીતે વિવિધ પ્રકારના આતંકવાદી હુમલાઓ કર્યા છે, તે જોતા તેમને સબક શીખવવો અનિવાર્ય હતો અને આ સબક શીખવવા માટેનો મજબૂત પાયો 'રણવીર' ના પાત્ર દ્વારા આદિત્ય ધરે પહેલા ભાગમાં જ નાખી દીધો હતો. ગમે તે કહો, પણ પહેલા ભાગમાં પાકિસ્તાનનું પલ્લુ પણ ખૂબ જ ભારે રાખવામાં આવ્યું હતું, જે ફિલ્મને વાસ્તવિકતાની નજીક લઈ જાય છે. એક્ટિંગના મામલે આખા પાકિસ્તાને રહેમાન ડકૈતની ભૂમિકામાં શાનદાર અભિનય માટે અક્ષય ખન્નાનો અને એસપી અસલમની જોરદાર ભૂમિકા માટે સંજય દત્તનો આભાર માનવો પડે તેવી સ્થિતિ હોવા છતાં પાકિસ્તાને ફિલ્મ પર પ્રતિબંધ મૂક્યો હતો.


પરંતુ બીજા ભાગમાં આદિત્ય ધરે પાકિસ્તાન 'ચૂં કે ચા' ન કરી શકે એવી પરિસ્થિતિ પેદા કરી દીધી છે. આ ભાગમાં એવા એવા રહસ્યો ખોલ્યા છે કે પાકિસ્તાનના રાજકારણીઓને હવે 'ડબલાં' ગોતવા પણ ભારે પડી જાય એવી હાલત થઈ ગઈ છે. સોનામાં સુગંધ ભળે તેમ, આમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એન્ટ્રી કરાવીને હિંમતનું એક નવું જ સ્તર બતાવ્યું છે. ફિલ્મનું નેરેશન એકદમ નવા જ પ્રકારનું છે. રામગોપાલ વર્મા પોતાના રિવ્યુમાં લખે છે એ રીતે, આ ફિલ્મ 'શોલે' કરતાં સો દરજ્જે સારી છે એમ ઘણા લોકો કહી રહ્યા છે. એનું મુખ્ય કારણ એટલું જ છે કે આ ફિલ્મ શુધ્ધ દેશભક્તિની છે. બીજું એ કે દેશભક્તિની ફિલ્મ બનાવવા માટે પણ એક ખાસ પ્રકારની ખતરનાક હિંમતની જરૂર પડે છે, જે હિંમત આદિત્ય ધરે અહીં પૂરેપૂરી દાખવી છે.

નહિતર એવું તો નથી કે આ ફિલ્મ ક્રાફ્ટ્સ્મેનશીપની દ્રષ્ટિએ 'શોલે' કરતા શ્રેષ્ઠ હોય કે બીજી એવી કલાત્મક ફિલ્મો કરતાં ચડિયાતી હોય. બંને ફિલ્મોમાં ઘણી બધી બાબતો યોગ્ય એડિટિંગ વગર આડેધડ વણી લેવામાં આવી હોય તેવું લાગે છે. એટલે કે એક તટસ્થ વિવેચકની દ્રષ્ટિએ ફિલ્મમાં ઘણા બધા ટેકનિકલ વાંધા-વચકા નીકળી શકે તેમ છે, પણ વાસ્તવમાં એવું થશે નહીં. દર્શકોને એવું કરવાનું મન પણ નહીં થાય કારણ કે આદિત્ય ધરે એક રિયાલિસ્ટિક ફિલ્મ બનાવવા માટે જે સાહસની જરૂર પડે, તે સાહસ અત્યાર સુધીમાં કોઈએ ન દાખવ્યું હોય તેવું બતાવ્યું છે. આ જ કારણ છે કે અત્યારે આ ફિલ્મ ધુરંધરના પહેલા ભાગના રેકોર્ડ પણ તોડશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

ફિલ્મમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લાદેલી નોટબંધી સહિતના અનેક રહસ્યમય અને ચોંકાવનારા કારણો પણ બતાવવામાં આવ્યા છે. પહેલા ભાગમાં જે કિસ્સાઓ કે બદલા લેવાના બાકી રહી ગયા હતા, તે તમામનો હિસાબ આ ભાગમાં પૂરો કરી દેવામાં આવ્યો છે. ફિલ્મને પ્રેક્ષકો તરફથી એટલો જબરદસ્ત રિસ્પોન્સ મળ્યો છે કે હવે કંઈ બાકી રહ્યું હોય કે ન રહ્યું હોય, જો આદિત્ય ધર ત્રીજો ભાગ બનાવે તો પણ તે એટલો જ સફળ જશે એટલી હાઈટ આ શ્રેણીએ પકડી લીધી છે. અભિનયની બાબતમાં જોઈએ તો, જે રીતે પહેલા ભાગમાં અક્ષય ખન્ના પોતાની એક્ટિંગથી બાજી મારી ગયો હતો, બરાબર તેવી જ રીતે આ બીજા ભાગમાં અર્જુન રામપાલ મેદાન મારી ગયો છે. આ ફિલ્મ માત્ર મનોરંજન નથી, પણ આદિત્ય ધરની એક ખતરનાક અને યાદગાર હિંમતનું પરિણામ છે. ■

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા
naranbaraiya277@gmail.com

# મેરે ઘર રામ આયે હૈ...



અયોધ્યાના રાજા ભગવાન રામચંદ્રજીનો જન્મદિવસ રામનવમી તરીકે ઉજવવામાં આવે છે.મેરે ઘર રામ આયે હૈ.. આટલું વાક્ય જો મનુષ્યના હૃદયમાં ખીલી જાય તો તમામ દુઃખ, દર્દ અને વેદના કાયમ માટે મટી જાય. ભારતીય સંસ્કૃતિ સંસ્કાર અને સભ્યતાને વરેલી છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન રામચંદ્રના સામાજિક આદર્શો અને પારિવારિક ભાવના કેટલી ઉચ્ચ કક્ષાની હતી તે રામાયણમાં જોવા મળે છે. રામાયણ એવું મહાકાવ્ય છે કે જેના વાંચનથી રાક્ષસ પણ માણસ બની જાય. વાલ્મિકી રચિત રામાયણએ માનવ સમાજને આપેલો અમૂલ્ય આધ્યાત્મિક અને સંસ્કારીતાનો અજોડ ગ્રંથ છે. અધર્મ સામે ધર્મનો વિજય એટલે રામાયણ. ધર્મના આચરણનું વાતાવરણ અને ભાવાવરણ માનવીના હૃદયમાં અંકિત કરતો ગ્રંથ એટલે રામાયણ. ભાઈ ભાઈ વચ્ચે ત્યાગ, સમર્પણ અને લોહીના સંબંધની જ્યોત પ્રગટાવવાનો જો કાર્ય કર્યું હોય તો તે રામાયણ છે.



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આજે બે ભાઈઓ જમીનના એક ટુકડા માટે કોર્ટ,કચેરી અને હત્યા સુધી પહોંચે છે. રામાયણ એ ભગવાન રામચંદ્રના આદર્શો અને સામાજિક મૂલ્યો થકી જીવન જીવવાની કલા શીખવે છે. આજે મોટાભાગે લક્ષ્મી (ધનલાલસા) માટેની રામાયણ છે. મારું મારું આગવું અને તારામાં મારો ભાગ. આ ભાવના આવી ત્યારે દરેકના ઘરે મહાભારતનો જન્મ થયો.

આજે બાળકો મા-બાપને વાશ્રમમાં મૂકી આવે છે, તે સમયે દશરથ રાજાની એક આજ્ઞાથી ૧૪ વર્ષનો વનવાસ ભગવાન રામચંદ્ર એ સહર્ષ અને આનંદથી સ્વીકારી લીધો. આવા જ પુત્રો મા બાપની સેવા કરી શકે છે. એટલે જ રામાયણ આદર્શ ગ્રંથ છે. ત્યાગ કરવાની ભાવના લક્ષ્મણમાં અને પતિના પગલે પગલે ચાલવાની નેમ માતા સીતાજીમાંથી આજની નારીઓએ શીખવા જેવી છે. આજે તો પરિવારમાં મોટાભાગના નિર્ણયો હોમ મિનિસ્ટર લેતા હોય છે. પુરુષોને તો જાહેરમાં ઉતારી પાડતી સતિ સાવિત્રીના અડિંગો લગાવીને બેફામ વર્તન કરતી, પારિવારિક ઝેર આંકતી નારીઓના દાખલા રોજબરોજ કોર્ટ, કચેરી અને ઘરે ઘરે જોવા મળે છે.ખાલી નામનું સિંદૂર લગાવવાની ફેશન બની ગઈ છે. હવે તો એ પણ લગાવતી નથી. હું સમગ્ર નારી જાતની વાત નથી કરતો પરંતુ બે પાંચ ટકાના કારણે સમગ્ર પરિવારમાં મહાભારત નિર્માણ કરવામાં કોનો ફાળો છે તે સંશોધન કરવાનો વિષય છે. સાસુ સસરા કે પારિવારિક વ્યક્તિઓ સાથેનું એટેચમેન્ટ ના હોય ત્યારે મહાભારત નિર્માણ થાય છે. રામાયણ નિર્માણ કરવું હોય તો ત્યાગ, સમર્પણ અને પારિવારિક ભાવના કેળવવાથી મેરે ઘર રામ આયે હે તે ચોક્કસ આકાર અને સાકર થશે.

રામનવમીએ ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી તિથિએ ઉજવાતો પવિત્ર હિન્દુ તહેવાર છે, જે ભગવાન વિષ્ણુના સાતમા અવતાર અને આદર્શ રાજા 'મર્યાદા પુરુષોત્તમ' રામના જન્મદિન તરીકે ઉજવાય છે. આ તહેવાર અસત્ય પર સત્ય અને અનિષ્ટ પર સારાના વિજયના પ્રતિક તરીકે ઉજવાય છે,જે જીવનમાં ધર્મ, નૈતિકતા અને ફરજનું મહત્વ સમજાવે છે.રામનવમી ભગવાન રામના જન્મની યાદ અપાવે છે, જેઓ માનવતાના આદર્શ અને ગુણોના પ્રતિક છે.આ દિવસે મંદિરોમાં અને ઘરોમાં શ્રીરામ,સીતા,લક્ષ્મણ અને હનુમાનજીની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

ધર્મ અને નૈતિકતા આ દિવસ માનવીને ધર્મના માર્ગ પર ચાલવાની અને રામની જેમ ફરજ, સન્માન તથા બલિદાનના મૂલ્યો અપનાવવાની પ્રેરણા આપે છે.રામકથા અને ભજન લોકો રામાયણ તથા રામચરિતમાનસનું પઠન કરે છે, ભજન-કિર્તન કરે છે અને રામજન્મનો ઉત્સવ મનાવે છે.અયોધ્યામાં વિશેષ ઉજવણી આ દિવસે સરયૂ નદીમાં સ્નાન અને રામમંદિરમાં વિશેષ દર્શન-પૂજનનું વિશેષ મહત્વ છે. રામનવમીનું સાંસ્કૃતિક મહત્વ છે.રામનવમી માત્ર એક ધાર્મિક તહેવાર નથી, પરંતુ તે ભારતીય સંસ્કૃતિમાં આદર્શ કૌટુંબિક અને સામાજિક મૂલ્યોને પુનર્જીવિત કરવાનો દિવસ છે. આ દિવસે ઉપવાસ કરવો અને રામભક્તિ કરવી એ આત્માની શુદ્ધિ માટેનું સાધન માનવામાં આવે છે.

રામ જન્મભૂમિ પર પગ મુકવાથી માનવીના આચાર વિચારમાં પરિવર્તન આવે તો જ રામ જન્મદિવસ સાકાર થયો ગણાશે. ભૌતિક સુખ સગવડ અને લાલસા શ્રણભંગુર છે. ત્યાગ અને પારિવારિક ભાવના એ રામાયણનો વારસો છે. સર્વ મારા વાચક વર્ગને રામનવમીની શુભકામનાઓ. કશું જ ના કરીએ પરંતુ મૌન રહીને અંતરથી ભગવાન રામચંદ્રનું સ્મરણ કરીએ તે જ સૌથી મોટી રામનવમી છે. જય શ્રી રામ.. ■

Mo.9825702282

# બાળકોની તંદુરસ્તી માટે ધ્યાનમાં રાખવાની બાબતો

બાળકોના સર્વાંગી વિકાસ અને તંદુરસ્તી માટે કેટલીક પાયાની બાબતો ખૂબ જ મહત્વની છે. આ બાબતો માત્ર શારીરિક જ નહીં, પણ માનસિક અને બૌદ્ધિક વિકાસમાં પણ મદદરૂપ થાય છે:



૧. પૌષ્ટિક આહાર (Nutrition)

● સંતુલિત ભોજનઃ બાળકના આહારમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, વિટામિન્સ અને મિનરલ્સનું યોગ્ય પ્રમાણ હોવું જોઈએ. લીલા શાકભાજી, ફળો, કઠોળ અને દૂધનો સમાવેશ કરો.

● જંક ફૂડથી અંતરઃ પેકેટ ફૂડ, વધુ પડતી ખાંડવાળી વસ્તુઓ અને બહારના નાસ્તાને ટાળવા જોઈએ.

● પાણીનું પ્રમાણઃ બાળક દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં પાણી પીવે તેનું ધ્યાન રાખો જેથી શરીર હાઈડ્રેટેડ રહે.

૨. ઊંઘ અને આરામ (Sleep Hygienl)

● ચોક્કસ સમયઃ બાળકો માટે ૮ થી ૧૦ કલાકની ઊંઘ અનિવાર્ય છે. ઊંઘના ચોક્કસ ચક્ર (Sleep Cycles) જાળવવાથી મગજનો વિકાસ સારો થાય છે અને યાદશક્તિ વધે છે.

● સ્ક્રીન ટાઈમઃ સૂતા પહેલા ઓછામાં ઓછા એક કલાક પહેલા મોબાઈલ કે ટીવી બંધ કરી દેવા જોઈએ, જેથી ઊંઘની ગુણવત્તા સુધરે.

૩. શારીરિક પ્રવૃત્તિ (Physical Activity)

● મેદાની રમતોઃ બાળકને દિવસમાં ઓછામાં ઓછો એક કલાક બહાર રમવા માટે પ્રોત્સાહિત કરો. આનાથી હાડકાં અને સ્નાયુઓ મજબૂત થાય છે.

● યોગ અને કસરતઃ જો બાળક થોડું મોટું હોય, તો તેને હળવા પ્રાણાયામ કે સૂર્યનમસ્કાર જેવી આદતો પાડી શકાય છે.

૪. સ્વચ્છતા (Hygiene)

● હાથ ધોવાની આદતઃ જમતા પહેલા અને શૌચાલયના ઉપયોગ બાદ સાબુથી હાથ ધોવાની આદત કેળવો.

● મૌખિક સ્વાસ્થ્યઃ દિવસમાં બે વાર બ્રશ કરવાની આદત દાંતના સડાને અટકાવે છે.

૫. માનસિક સ્વાસ્થ્ય અને વાતાવરણ

● હકારાત્મક વાતાવરણઃ ઘરનું વાતાવરણ આનંદી અને તણાવમુક્ત રાખવું જોઈએ. બાળકની વાતો ધીરજથી સાંભળવી ખૂબ જરૂરી છે.

● સર્જનાત્મકતાઃ બાળકને ચિત્રકામ, વાંચન કે સંગીત જેવી પ્રવૃત્તિઓમાં જોતરવાથી તેમનો માનસિક વિકાસ ઝડપી બને છે. બાળકોની ઉમર પ્રમાણે વજન ઊચાઈ બાળકોના તંદુરસ્ત વિકાસ માટે ઉંમર મુજબ વજન અને ઊંચાઈના ચોક્કસ માપદંડો હોય છે. અહીં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના ધોરણો મુજબ એક સામાન્ય અંદાજ આપવામાં આવ્યો છે : બાળકો માટે ઉંમર મુજબ સરેરાશ વજન અને ઊંચાઈ (૦ થી ૫ વર્ષ)ઉંમર સરેરાશ વજન (કિલોમાં) સરેરાશ ઊંચાઈ (સેમીમાં)

જન્મ સમયે ૨.૫ – ૩.૫ કિલો ૪૫ – ૫૦ સેમી
૬ મહિના ૬.૫ – ૮.૦ કિલો ૬૪ – ૬૭ સેમી
૧ વર્ષ ૮.૫ – ૧૦.૫ કિલો ૭૨ – ૭૮ સેમી
૨ વર્ષ ૧૧.૫ – ૧૩.૫ કિલો ૮૪ – ૮૮ સેમી
૩ વર્ષ ૧૩.૫ – ૧૫.૫ કિલો ૯૨ – ૯૭ સેમી
૪ વર્ષ ૧૫.૫ – ૧૭.૫ કિલો ૧૦૦ – ૧૦૫ સેમી
૫ વર્ષ ૧૭.૫ – ૨૦.૦ કિલો ૧૦૬ – ૧૧૨ સેમી

ધ્યાનમાં રાખવા જેવી બાબતોઃ

● લિંગ (Gender): સામાન્ય રીતે છોકરાઓ અને છોકરીઓના વજન અને ઊંચાઈમાં થોડો તફાવત હોઈ શકે છે.

● વારસાગત કારણોઃ બાળકની ઊંચાઈ ઘણીવાર માતા-પિતાની ઊંચાઈ પર પણ આધાર રાખે છે.

● વિકાસનો દરઃ દરેક બાળકનો વિકાસ અલગ ગતિએ થાય છે. જો તમારું બાળક સક્રિય છે અને વ્યવસ્થિત ખોરાક લે છે, તો થોડો તફાવત સામાન્ય ગણાય.

● ખોરાક અને ઊંઘઃ બાળકની ઊંચાઈ અને વજન વધારવામાં પૌષ્ટિક આહાર અને પૂરતી ઊંઘ (ખાસ કરીને ઊંઘના ચક્ર) મહત્વનો ભાગ ભજવે છે.


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# ટિકિટ આપો.. ટિકિટ આપો.. ટિકિટ આપો.

"ટિકિટ આપો.. ટિકિટ આપો.. ટિકિટ આપો."

બનેવીલાલે ગામનાં ચોરે આવીને ચડે ચોક માંગણી કરી.

ગામને ચોરે મોટે ભાગે મોટી ઉંમરના ડોહલા બેઠાં હોય છે. એમણે એક વણ માંગી સલાહ આપી.



"બેટા, તારે ટિકિટ જોઈતી હોય તો તું મંદિરમાં જા. ભગવાન કદાચ! તારી વાત હાંભળે. અને ટિકિટ આપેય ખરાં. (આજકાલ ભુવા 'ય ટિકિટ આપવા લાગ્યાં છે.)"

"હા પણ , હું મંદિરે આજે જ આવ્યો છું. અને તમે તો રોજે રોજ મંદિરનાં ઓટલે બેસીને ટાઈમ કાઢો છો. એટલે મારી કરતાં તમારી ઓળખાણ વધું હશે ને !!?"

"બેટા એજ તો કરમની કઠણાઈ છે. અમે મંદિરનાં ઓટલે બેહીને ટાઈમપાસ જ કરીએ છીએ. જેવી હાંજની આરતી શરૂ થઈ કે અમે ઘરભેગાં થઈએ છીએ.હાલો..હાલો, હાંજ પડી ગઈ. ઘરભેગાં થાવ. આમ ભગવાન અને પુજારી એકલાં એકલાં જ આરતી કરે છે. એટલે અમારું તો ભગવાન હાંભળશે જ નહીં. કદાચ! તારું હાંભળે."

"તો હાંભળો. મારે ભગવાન પાસેથી કશું જ નથી જોઈતું. મારે તમારી પાસેથી જોઈએ છે."

"હા પણ, અમારું તો ઘરમાં 'ય હાલતું નથી. અમે શું આપીએ ?"

"કેમ કેમ? હું તમારો જમાઈ નથી?"

"જમાઈ હાત વખત. અને જમ અને જમાઈ મરે ત્યાં હુધી માંગે. પણ, આ માંગણી તમારી ગેરવ્યાજબી છે."

આ ચર્ચા દરમિયાન બેરાલાલ,બકો,બોસ અને ઘણાંબધાં ભેગાં થઈ ગયાં હતાં.

બેરાલાલે કહ્યું.

"હા પણ, તમારે ટિકિટ જોઈએ છે શાની? આ મંદિર છે. મોવડી મંડળ નથી. બંગાળ, આસામ,કેરળ, તમિલનાડુ અને પુંડુચેરી વિગેરે રાજયની ચૂંટણી જાહેર થઈ છે. તમારે જે રાજ્યમાંથી લડવું હોય, એ રાજ્યનાં મોવડી મંડળ પાંહે રૂપિયાનો કોથળો ભરીને પોગી જાવ !! લગભગ તો મેળ પડી જ જાહે."

"ઓ..હો..હો..!! તમે તો ભાઈ ભારે જાણકાર છો. આટલી બધી તમને કેમ ખબર ? અને મુળ મુદ્દાની વાત. આટલાં બધાં રૂપિયા આપણી પાંહે ક્યાથી હોય! "

"તો પછી, થોડાં ધીમાં ખમો. થેલીનો ફાલેય હમણાં આવશે."

"થેલીનો ફાલ ? હું કાંઈ હમજયો નહીં."

"તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત,અને મોટા શહેરોની ચૂંટણી. હવે તો ગામનાં ગલુડિયાને'ય ખબર પડી ગઈ છે. ગલુડિયાની'ય કિંમત થઈ ગઈ છે. એમને 'ય ગણતરીમાં લેવાં માંડ્યા છે. અને તમને નથી ખબર!? થેલીનો ફાલ એટલે પેટી."

"રામ..રામ..રામ !! હું પાકો ગાંધીવાદી છું. અને ગાંધીજીનાં ગુજરાતમાં છું. અને તમે દારૂની પેટીની વાત કરો છો? અને દારૂની પેટી આપી દેવાથી ટિકિટ મળી જાહે ખરી? પણ, મૂળ વાત તો ઈ છે કે ગુજરાતમાં દારૂબંધી છે. મારે દારૂની પેટી લાવવી ક્યાથી?" બેરાલાલે માથું ફૂટયું.

"બનેવીલાલ!! તમે કોનાં જમાનામાં જીવો છો ?"

"જીયો કાર્ડ તો મુકાભાઈ અંબાણીનું છે. એટલે આમ તો મુકાભાઈનો જમાનો ગણાય!!"

"બનેવીલાલ તમે જમાઈ છો ? કે જમ !!?"

"હવે આવો અઘરો સવાલ તમારે મને પુછાય?? હું અને તમે બેય હરખાં."

"એમ નહીં..! કયો જમાનો એટલે કઈ સદી? એમ.

આજકાલ નાના નાના ટાબરિયાને ય ખબર છે કે, પેટી એટલે લાખ રૂપિયા. અને તમે..."

"એટલે તમારું કે'વાનું એમ છે કે, વધારે પેટી હોય તો વધારે ટિકિટ મળે એમ!??"

"બનેવીલાલ હવે તમે વાતને આડે પાટે ચડાવો છો.

તમે દેખાવ છો એટલાં ભોળાં તો નથી જ."

"હં..હં..અ. હવે તમે હમજયા. મારે કોઈ પેટી કે કોઈ કોથળો આપવો નથી. અને મારે કોઈ ચૂંટણી ફુંટણી લડવી 'ય નથી. ચૂંટણી લડીને ચુથાવું . સોરી સોરી!! ચૂંટણી લડીને ચુટાવું. એનાં કરતાં એમને એમ હારા છીએ."

તો પછી તમે ટિકિટની વાત કેમ કરી? કે મારે ટિકિટ જોઈએ છે."

"બેરાલાલ અને ગ્રામજનો હાંભળો. મારે વાત આપણી વિધાનસભાની કરવી હતી. પણ, તમે અલગ ઉપાડ કરી લીધો.

તમને ખબર છે? આપણી વિધાનસભા રોજ નવ કરોડનો ખર્ચ કરે છે. એક કલાકનાં દોઢ કરોડ વાપરે છે. અને એમાં બધાં ભેગાં મળીને કરે છે શું??

આપણી શેરીના છોકરાઓ (કૂતરાંઓ)કરે ઈ. હામાં હામાં વડછકાં ભરે."

બેરાલાલે કહ્યું . "એ આપણે ચૂંટીને મોકલેલા આપણાં ધારાસભ્ય છે. એને આવું આવું નો કેવાય !!"

"તો તમે કહો!! એ ત્યાં શું કરે છે?"


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"હંધાય હામે હામે બાપે માર્યા વેર હોય એમ તો વર્તે જ છે. પણ, હારે હારે હાંભરે ત્યારે આપણાં વિસ્તારની વાતો 'ય કરે છે હોં."

"હા પણ,ઓલી ટિકિટનું હું છે? ઈ તો કહો."

ગ્રામજનોથી હવે રહેવાયું નહીં.એમણે જ પુછ્યું.

"નરેન્દ્રમોદી સ્ટેડિયમમાં હમણાં ટ્વેન્ટી ટ્વેન્ટી વર્લ્ડ કપ રમાયો . એમાં ભારતે જ્વલંત વિજય મેળવ્યો." "હા..આ..! ઈ તો અમે હંધાયે ભેગાં મળીને ટી .વી. માં મેચ જોઈ." "હા પણ, ધારાસભ્ય થોડાં જ ટી. વી. માં જોવે!??

એને તો સ્ટેડિયમમાં બેહીને મેચ જોવી હતી. એટલે રોજનાં નવ કરોડનાં ખર્ચા વાળી વિધાનસભામાં ધારાસભ્યે ચર્ચા કરી કે, અધ્યક્ષશ્રી સરકારશ્રી અમને ખાવાં, પીવાનું (પીવાનું એટલે પાણી હોં)અને હરવા ફરવાનું મફતના ભાવમાં આપે છે. રહેવાનું પણ એક સારી ચાનાં ભાવથી આપે છે. (પછી ભલે ત્યાં શું શું ચાલે છે, એ મારે જાહેરમાં ના કહેવાય.)પણ, આટ- આટલું મફતમાં આપે છે. તો ધારાસભ્યને મેચની એક ટિકિટ મફતમાં નો આપી શકે?

મને ખબર છે, ટિકિટની કિંમત કરતાં વિધાનસભાનો સમય વધારે કિંમતી છે. છતાંય.. શું કહો છો સાથીદારો!!??"

ત્યારે આવ ભાઈ હરખાં, આપણે બેઉં સરખાં. જેવું થયું. સૌએ પાટલી થપથપાવીને ચર્ચામાં ભાગ લીધો.

અને આપણાં ટેકસના પૈસાનું થયું....!!

kalubhaibhad123@gmail.com

# ચાલો નર્મદા નદીની ઉત્તરવાહિની પરિક્રમામાં..




ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા એ ગુજરાત રાજ્યના રાજપીપળા નજીક નર્મદા નદીના કાંઠા પર કરાતી પરિક્રમા છે. ગુજરાતમાં દર વર્ષે ફાગણ વદ અમાસથી ચૈત્ર વદ અમાસ એટલે કે એક મહિના માટે યોજાતી ૨૧ કિલોમીટરની ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા ૨૦૨૬માં ફાગણ વદ અમાસ (૧૯-૦૩-૨૦૨૬) થી ચૈત્ર વદ અમાસ (૧૭-૦૪-૨૦૨૬) દરમિયાન યોજાશે.

આ સમયગાળાના ત્રીસ દિવસ દરમિયાન કરાતી આ પરિક્રમા કોઈ પણ દિવસે શરૂ કરી કોઈ પણ દિવસે પૂરી કરી શકો છો. એટલે કે, તમે માર્ગમાં તમને ગમતાં, માનસિક શાંતિ આપતાં, પ્રાકૃતિક સ્થળોએ ઈચ્છો એટલો સમય રોકાઈ, ત્યાંની પ્રકૃતિને જાણી-માણી શકો છો. દરેક સ્થળે તમને ચા-નાસ્તા, સવાર-સાંજના ભોજન, આરામ-વિરામ કે રાત્રિ રોકાણની નિઃશુલ્ક સુવિધા મળી રહેશે. આ પગપાળા પરિક્રમાનું વિશેષ મહત્ત્વ હોઈ, દર વર્ષે મોટી સંખ્યામાં નાના, મોટાં અને વડીલ ભાવિક ભક્તો પદયાત્રા કરે છે.

નર્મદા નદી ભારતની પવિત્ર નદીઓમાંની એક ગણાય છે. જેના દર્શન માત્રથી જ પાવન અને પવિત્ર થઈ જવાય છે. આમ તો ભારતની બધી નદીઓનું મૂળ એક દર્શનીય સ્થાન ગણાય છે. પ્રાકૃતિક વાતાવરણ સાથે પાવન ભૂમિ અને પવિત્રતા ભળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું વાતાવરણ બની જાય.ભારતમાં કેટલીક નદીના મૂળ-મુખની ભાવિક ભક્તો જાત્રા કરે છે.એમાં નર્મદા નદીનું પણ સ્થાન છે. મા નર્મદાનું જન્મસ્થાન અનેક કથા અને મહાત્મ્યથી ભરપૂર છે અને પ્રાકૃતિક સૌન્દર્યથી સમૃધ્ધ છે.


નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ગામથી તિલકવાડા ગામ સુધી નર્મદા નદીનો પ્રવાહ ઉત્તર દિશામાં વહે છે, આથી નર્મદા નદીની આ પરિક્રમાને ઉત્તરવાહિની પરિક્રમા કહે છે. નર્મદા નદી આશરે છ કિમી સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર માસમાં ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ મહાત્મય છે. ૨૧ કિલોમીટરનું અંતર ધરાવતી આ પરિક્રમા કરવા માટે ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ, પંજાબ અને મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટે છે. રેવાના તીરે મિની કુંભ મેળા જેવાં દશ્ય સર્જાય છે. હજારો શ્રધ્ધાળુઓ પૂરા ભકિતભાવથી મા નર્મદાની પરિક્રમા કરવા માટે બાર મહિનાથી આ દિવસની રાહ જોતાં હોય છે.

હિંદુ ધર્મ શાસ્ત્રો પ્રમાણે જ્યારે નદીનો પ્રવાહ ઉત્તર દિશા તરફ વહે છે, ત્યારે એ પ્રવાહ ઉત્તરવાહિની તરીકે ઓળખાય છે. એ વિસ્તારમાંથી વહેતી નદીનું ધાર્મિક મહત્વ ઓર વધી જાય છે. નર્મદા નદીની આ પરિક્રમાનો પ્રારંભ રામપુરા ઘાટથી થાય છે. રણછોડજી મંદિર, શહેરાવ ઘાટ, તિલકવાડા, મણિનાગેશ્વર મહાદેવ મંદિર, રેંગણઘાટ અને કીડી-મકોડી ઘાટ થઈ પુનઃ રામપુરા ખાતે પરિક્રમા પૂર્ણ થાય છે.

આદ્ય શંકરાચાર્યજી રચિત નર્મદાષ્ટકમાં નર્મદા નદી માટે લખ્યું છે કે, અલક્ષલક્ષલક્ષપાપ લક્ષ સાર સાયુધં તતસ્તુજીવજન્તુતન્તુ ભુક્તિ મુક્તિ દાયકંમ્ અર્થાત્ પવિત્ર નર્મદા નદીના દર્શનમાત્રથી ભક્તોના પાપનો નાશ થાય છે. આવું ધાર્મિક મહત્ત્વ ધરાવતી પુણ્ય સલિલા નર્મદા નદીની સંપૂર્ણ પરિક્રમા પૂર્ણ કરવા માટે આશરે ત્રણથી સાડા ત્રણ હજાર કિલોમીટરનું અંતર કાપવું પડે છે, જે દરેક ભક્તો માટે શક્ય ન હોવાથી શ્રધ્ધાળુઓ ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરી સંતોષ માને છે. ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરવાથી સંપૂર્ણ નર્મદા પરિક્રમાનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે એવી શ્રધ્ધાળુની માન્યતા છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરિક્રમાના સમગ્ર રૂટ પર સુરક્ષા, સ્વચ્છતા, આરોગ્ય સેવા, લાઈટિંગ, પીવાનું પાણી, શૌચાલય, સ્નાન માટે ફુવારા, સીસીટીવી કેમેરા, ડોમ, આરામ-વિરામની સુવિધા ઉપરાંત પાર્કિંગ, સેલ્ફી પોઈન્ટ, વોચટાવર, આરોગ્ય સુવિધા અને ફાયર સેફ્ટી સુવિધા પણ કરાય છે.સમાજસેવીઓ દ્વારા સવારના નાસ્તો, બપોરનું ભોજન, ચા-નાસ્તો, છાશ વિતરણ અને સાંજના ભોજનની સેવા-સુવિધા નિઃશુલ્ક પૂરી પડાય છે.

નર્મદા જિલ્લાના રામપુર ઘાટથી શહેરાવ ઘાટ, તિલકવાડા ઘાટ અને રેંગણ ઘાટ સુધીના ૧૫ કિલોમીટરના પરિક્રમા માર્ગ તેમજ ચારેય ઘાટ પર ઊભી કરાતી જે-તે વ્યવસ્થાના કારણે શ્રધ્ધાળુઓ માટે કઠોર ગણાતી આ પરિક્રમા સુગમ બની રહી છે. પરિક્રમા શરૂ થતાં પહેલા જ સરકાર, યાત્રાધામ બોર્ડ તથા નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિક્રમા માર્ગ પર રોડનું સમારકામ, પ્રોટેક્શન વૉલનું કામ, બોટિંગ જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરાય છે.

પ્રવાસનામા

જયસ્વી પટેલ

નર્મદા પરિક્રમા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પોલીસ અધિકારી-કર્મચારીના જવાનોનો મોટો કાફલો સતત તહેનાત રખાય છે. એ સાથે, રેંગણ તથા ભાદરવા ગામથી યાત્રિકોના આવાગમન માટે એસ.ટી બસની વ્યવસ્થા કરાય છે. પરિક્રમા માટે પોતાના વાહનોના પાર્કિંગ માટે રામપુરા, તિલકવાડા અને સામરિયા ખાતે વિશાળ પાર્કિંગ પ્લોટ તૈયાર કરાય છે. તમામ ઘાટ પર મંડપ, ખુરશી, બેરીકેટિંગ, લાઈટિંગ, ટોયલેટ બ્લોક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ, વોચ ટાવર, ફૂડ સ્ટોલ, નાહવા-ધોવાની વ્યવસ્થા ઉભી કરાય છે.

નર્મદા નદીની ઉત્તરવાહિની પરિક્રમા દરમિયાન શ્રધ્ધાળુઓ નર્મદાની સાથે જિલ્લામાં આવેલાં રણછોડરાય મંદિર, ધનેશ્વર મહાદેવ મંદિર, શ્રી મંગલેશ્વર મહાદેવ મંદિર, તપોવન આશ્રમ, શ્રી સ્વામી રામાનંદ આશ્રમ, શ્રી સીતારામ આશ્રમ, શ્રી મણિનાગેશ્વર મંદિર જેવાં સ્થળોની પણ મુલાકાત લઈ જ્યાં-ત્યાં રોકાણ પણ કરી શકે છે.

sanjogpurti@gmail.com

# મીન્ટુ અને ટિંકલની મિત્રતા



એક હતો મીન્ટુ. એક રાત્રે મીન્ટુ અગાશી પર બેસીને પોતાની નાનકડી આંગળીથી તારા ગણતો હતો - "એક... બે... પાંચ... દસ..." ત્યાં જ આકાશમાંથી એક તારો લપસ્યો!

તારો આકાશમાંથી નીચે પડ્યો - 'ધબબબ!' તે સીધો મીન્ટુના ખોળામાં પડ્યો. મીન્ટુએ જોયું તો તારો તો રબરના પીળા દડા જેવો હતો અને તેને બે નાનકડા પતંગિયા જેવા કાન પણ હતા. તેનું નામ હતું ટિંકલ.

મીન્ટુએ જેવો ટિંકલને અડવા માટે હાથ લંબાવ્યો, ત્યાં જ ટિંકલ બોલ્યો, "ઓયે મીન્ટુ! મને પકડતો નહીં, મને બહુ ગલીપચી થાય છે!" અને ટિંકલ તો જોર જોરથી હસવા લાગ્યો - 'હી હી હી... હૂ હૂ હૂ!' ટિંકલ એટલું હસ્યો કે હસતાં હસતાં તેના શરીરમાંથી સોનેરી રંગના પરપોટા નીકળવા લાગ્યા!

મીન્ટુ ટિંકલને પોતાના રૂમમાં લાવ્યો. મીન્ટુએ વિચાર્યું કે ટિંકલને ભૂખ લાગી હશે. તેણે ટિંકલને એક મોટું બિસ્કિટ આપ્યું. ટિંકલ તો બહુ મસ્તીખોર હતો! તેણે બિસ્કિટ ખાવાને બદલે તેને માથા પર ટોપીની જેમ પહેરી લીધું અને બેડ પર કૂદવા લાગ્યો.


મીન્ટુ કહે, "ટિંકલ, સૂઈ જા!"

પણ ટિંકલ કહે, "મારે તો ડાન્સ કરવો છે!"

ટિંકલ મીન્ટુના નાક પર જઈને બેસી ગયો. મીન્ટુને નાકમાં ગલીપચી થઈ અને તેને મોટી છીંક આવી - "આં... છીંઈંઈંઈં!" મીન્ટુની છીંક એટલી જોરદાર હતી કે ટિંકલ ઊડીને સીધો પંખા પર લટકી ગયો!

પંખો ધીરે ધીરે ફરતો હતો અને ટિંકલ પંખાની પાંખ પર બેસીને રાડો પાડતો હતો, "હુરેઈંઈંઈં! હું તો મેળાની ચકડોળમાં બેઠો છું!" પછી ટિંકલે શું કર્યું ખબર છે? તેણે પોતાના ગજવામાંથી 'તારાનો પાવડર' કાઢીને મીન્ટુ પર છાંટ્યો. મીન્ટુ તો હવામાં ઊડવા લાગ્યો! મીન્ટુ અને ટિંકલ બંને રૂમમાં ફુગ્ગાની જેમ ઊડતા હતા અને એકબીજાને પકડવાની રમત રમતા હતા.

ત્યાં તો સવાર થવા આવી. સૂરજદાદાએ ધીમેથી બારીમાંથી જોયું. ટિંકલ ડરી ગયો, "બાપ રે! સૂરજદાદા આવશે તો હું અદ્રશ્ય થઈ જઈશ!" મીન્ટુએ જલ્દીથી ટિંકલને એક મોટા ગેસના ફુગ્ગા સાથે બાંધ્યો. ફુગ્ગો ધીમે ધીમે આકાશમાં જવા લાગ્યો. ટિંકલ હજી પણ હસતો હતો અને મીન્ટુને નીચેથી 'ટાટા' કરતો હતો.


રે વાર્તા!
મનીષ સુથાર

જતાં જતાં ટિંકલે મીન્ટુના વાળમાં એક નાનકડી ચમકતી ગિફ્ટ મૂકી દીધી. જ્યારે મીન્ટુએ અરીસામાં જોયું ત્યારે તેના વાળ સોનેરી રંગના થઈ ગયા હતા અને તેમાંથી હજી પણ હસવાનો અવાજ આવતો હતો!

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

**ઉત્તરાખંડ બાદ ગુજરાત દેશનું બીજું રાજ્ય બન્યું**

# ગુજરાત વિધાનસભામાં ઐતિહાસિક UCC બિલ રજૂ

ગાંધીનગર,તા.૨૪

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખવામાં આવશે કારણ કે રાજ્ય સરકારે બહુપ્રતીક્ષિત સમાન નાગરિક સંહિતા એટલે કે UCC બિલ ગૃહમાં રજૂ કર્યું છે. ઉત્તરાખંડ બાદ આ કાયદો લાવનાર ગુજરાત દેશનું બીજું રાજ્ય બની ગયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગૃહમાં આ મહત્વપૂર્ણ વિધેયક રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય ધર્મ અને જ્ઞાતિના ભેદભાવ વગર તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા અને મિલકતના વારસા જેવા વિષયોમાં એકસમાન કાયદો અમલી બનાવવાનો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આ દિવસને ગુજરાત માટે સોનેરી દિવસ ગણાવતા કહ્યું હતું કે આઝાદીના આટલા વર્ષો પછી પણ વ્યક્તિગત કાયદાઓને કારણે બહેનો અને દીકરીઓએ જે અન્યાય સહન કર્યો છે, તેનો હવે અંત આવશે.આ બિલમાં સૌથી મહત્વની જોગવાઈ મિલકતના વારસા અંગે કરવામાં આવી છે. જે વ્યક્તિએ પોતાની હયાતીમાં વસિયતનામું તૈયાર ન કર્યું હોય, તેના મૃત્યુ બાદ તેની સંપત્તિમાં માતા-પિતા, પત્ની અને બાળકો તમામનો સમાન હિસ્સો રહેશે. આ વ્યવસ્થા દ્વારા સ્ત્રી-પુરુષના ભેદભાવને દૂર



કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગૃહમાં ચર્ચા દરમિયાન જ્યારે હલાલા જેવી સામાજિક કુપ્રથાઓનો ઉલ્લેખ થયો ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદીન શેખ અને હર્ષ સંઘવી વચ્ચે ઉગ્ર દલીલો પણ જોવા મળી હતી. આ કાયદો કોઈ ચોક્કસ ધર્મ વિરુદ્ધ નહીં પરંતુ સમગ્ર સમાજમાં ન્યાય પ્રસ્થાપિત કરવા માટે હોવાનું સરકારે સ્પષ્ટ કર્યું છે. મહિલાઓ આ કાયદાની વર્ષોથી પ્રતીક્ષા કરી રહી હતી અને હવે તેમને કાયદાકીય રક્ષણ મળશે.નવા કાયદા મુજબ હવે ગુજરાતમાં દરેક લગ્નની નોંધણી કરાવવી ફરજિયાત બનશે. ૧૮ માર્ચે કેબિનેટમાં મંજૂર થયેલા ડ્રાફ્ટ મુજબ જો કોઈ વ્યક્તિ લગ્નની નોંધણી નહીં કરાવે તો લગ્ન અમાન્ય નહીં ગણાય, પરંતુ તેને ૧૦ થી ૨૫ હજાર રૂપિયા સુધીનો મોટો દંડ થઈ શકે છે. UCC અમલમાં આવ્યા પહેલા થયેલા લગ્નો માટે પણ નોંધણીની ચોક્કસ પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે જેથી ભવિષ્યમાં કાયદાકીય ગૂંચવણો ઊભી ન થાય. આ બિલ દ્વારા લગ્ન નોંધણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવાનો પ્રયાસ છે.જોકે, UCC બિલની રજૂઆત પહેલા વિધાનસભામાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. પ્રશ્નકાળ પૂર્ણ થયા બાદ કોંગ્રેસના નેતા અમીત ચાવડાએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની અછતનો મુદ્દો ઉઠાવ્યો હતો. વિપક્ષે આ મોંઘવારી અને અછત પર તાત્કાલિક ચર્ચાની માંગ કરી હતી જેના કારણે સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યો સામસામે આવી ગયા હતા. વાતાવરણ તંગ બનતા ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પડ્યો હતો, તેમ છતાં સરકારે મક્કમતાથી પોતાનું વિધેયક રજૂ કર્યું હતું. વડાપ્રધાનના વિઝનને સાકાર કરવા માટે ગુજરાત સરકારે આ મહત્વનું પગલું ભર્યું છે અને સરકારને વિશ્વાસ છે કે તમામ પક્ષો જનહિતમાં આ બિલને સમર્થન આપશે.

## મોટેરામાં જનઆક્રોશ : 'સુવિધા નહીં તો વોટ નહીં'ના નારા સાથે ચૂંટણી બહિષ્કારની ચીમકી


અમદાવાદ, તા.૨૪

અમદાવાદના મોટેરા વિસ્તારમાં આગામી મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે સ્થાનિક રહીશોએ પ્રાથમિક સુવિધાઓના અભાવે તંત્ર સામે મોરચો માંડ્યો છે. ત્રિલોક ગ્લોરી, સેતુ એમરલેન્ડ અને સરલ હાઈટ્સ જેવી સોસાયટીઓના રહીશોએ સોસાયટીના મુખ્ય ગેટ પર "નો-એન્ટ્રી" અને "ચૂંટણી બહિષ્કાર" ના બેનરો લગાવીને નેતાઓનો વિરોધ કર્યો છે. રહીશોનો આરોપ છે કે લાંબા સમયથી રોડ-રસ્તા, પીવાનું શુદ્ધ પાણી અને બાળકો માટે ગાર્ડન જેવી પાયાની જરૂરિયાતો માટે રજૂઆતો કરવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં છે. સ્થાનિકોના આ ઉગ્ર વિરોધને પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને પૂર્વ કોર્પોરેટરો દોડતા થયા છે. ચૂંટણી નજીક હોવાથી મતદારોની નારાજગી દૂર કરવા માટે તાત્કાલિક બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા રહીશોને ખાતરી આપવામાં આવી છે કે આગામી ૧૫ દિવસમાં રસ્તાનું પેચવર્ક અને પાણીની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવશે.

## ગુજરાત વિધાનસભામાં ઈંધણ મુદ્દે સરકાર અને વિપક્ષ વચ્ચે ઉગ્ર આક્ષેપબાજી સાથે હોબાળો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાના ગૃહમાં આજે પેટ્રોલ-ડીઝલની અછત અને અફવાઓના મુદ્દે ભારે હોબાળો જોવા મળ્યો હતો. પ્રશ્નોત્તરી કાળ બાદ વિપક્ષના નેતા અમિત ચાવડાએ નિયમ ૧૦૮ હેઠળ આ બાબતે તાકીદની ચર્ચાની માંગ કરી હતી, જેનાથી ગૃહનું વાતાવરણ ગરમાયું હતું. વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં ઈંધણ પુરવઠાનું યોગ્ય સંચાલન નથી, જેના કારણે જનતા પરેશાન



છે. સામે પક્ષે હર્ષ સંઘવીએ આ આક્ષેપોને નકારતા જણાવ્યું કે રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને વિપક્ષ માત્ર અફવાઓ ફેલાવી રહ્યો છે. અધ્યક્ષે આ મુદ્દે આવતીકાલે ચર્ચા નિર્ધારિત હોવાનું જણાવી તાત્કાલિક ચર્ચાની મનાઈ ફરમાવી હતી, જેનાથી વિપક્ષ વધુ આક્રમક બન્યો હતો. અર્જુન મોઢવાડિયા અને સત્તાપક્ષના સભ્યો વચ્ચે થયેલા તીખા વાકયુદ્ધને કારણે ગૃહમાં અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ હતી. અંતે, બંને પક્ષોના આક્ષેપ-પ્રત્યાઆક્ષેપ વચ્ચે કાર્યવાહી ખોરવાઈ હતી. ઈંધણના મુદ્દે શરૂ થયેલી આ રાજકીય લડાઈ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બને તેવા સંકેતો મળી રહ્યા છે.

## રાજકોટ શહેર અને તેની આસપાસના વિસ્તારમાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં સાંજે ૫.૪૧ વાગ્યે ભૂકંપનો એક હળવો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં થોડો સમય કુતૂહલ અને ચર્ચાનો માહોલ સર્જાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સીસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા આ કુદરતી ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. અહેવાલ અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ રાજકોટ શહેરથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં માત્ર ૭ કિમી દૂર આવેલા મવડી અને વાવડી ગામની વચ્ચે જમીનમાં ૧૫ કિમીની ઊંડાઈએ નોંધાયું હતું. આંચકો પ્રમાણમાં ઓછી તીવ્રતાનો હોવાથી શહેરના અનેક વિસ્તારોમાં લોકોને તેની ખાસ જાણ થઈ ન હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના સમાચાર નથી.

## રાજુલામાં યુવતી ગુમ થવાના મામલે પિતાનો આક્રોશ 'જેહાદ'ના આક્ષેપ સાથે દીકરીને પરત લાવવા માંગ

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં એક હિન્દૂ યુવતીને વિધર્મી યુવાન ભગાડી ગયો હોવાની ઘટનાએ ભારે ચકચાર જગાવી છે. આ મામલે યુવતીના પિતા અરવિંદભાઈ પરમારે પ્રેસ કોન્ફરન્સ યોજી પોતાની હૈયા વરાળ ઠાલવતા ગંભીર આક્ષેપો કર્યા છે. પિતાના જણાવ્યા અનુસાર, તેમની ૨૫ વર્ષની દીકરી માત્ર ૨૫ દિવસના સંપર્કમાં પરિવારની વિરુદ્ધ થઈ ગઈ છે, જે એક મોટું ષડયંત્ર હોઈ શકે છે. તેમણે આ ઘટનાને 'જેહાદ'



ગણાવી સરકાર અને પોલીસ પ્રશાસન પાસે દીકરીને હેમખેમ પરત લાવવા વિનંતી કરી છે. પિતાએ ભાવુક થઈને સવાલ ઉઠાવ્યો હતો કે જો સત્તાધીશો ધારે તો વિદેશથી લોકોને લાવી શકે છે, તો હૈદરાબાદથી તેમની દીકરીને કેમ પરત લાવી શકાતી નથી? તેમણે 'ધ કેરલા સ્ટોરી' જેવી ઘટનાઓનો ઉલ્લેખ કરી સામાજિક દુષણ સામે ચિંતા વ્યક્ત કરી હતી. હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા યુવતીના વીડિયોને પિતાએ દબાણ હેઠળ બનાવાયેલો ગણાવ્યો છે. આ મામલે સ્થાનિક સ્તરે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસ તપાસ તેજ કરવાની માંગ ઉઠી છે.

## અમરેલીના પેટ્રોલપંપો પર વાહનોની લાંબી લાઈન

અમરેલી,તા.૨૪

અમરેલી શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ અને ડીઝલની અછતને કારણે હાહાકાર મચી ગયો છે. શહેરના મુખ્ય વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પંપો પર વાહનોના થપ્પા લાગેલા જોવા મળી રહ્યા છે જેના કારણે સામાન્ય જનતાને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ખાસ કરીને મોટા બસ સ્ટેન્ડ પાસે આવેલા પેટ્રોલ પંપમાં સ્ટોક ખાલી થઈ જતાં વાહનચાલકોને નિરાશ થઈને પરત ફરવું પડયું છે. ક્રિષ્ના પેટ્રોલ પંપ પર પણ



સ્થિતિ અત્યંત ગંભીર છે જ્યાં વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. ગોપી ટોકીઝ સામે આવેલા પેટ્રોલ પંપ પર વહીવટી તંત્ર અથવા સંચાલકો દ્વારા ઈંધણના વેચાણ પર મર્યાદા લાદવામાં આવી છે. અહીં ટુ-વ્હીલરમાં માત્ર ૧૦૦ રૂપિયાનું અને ફોર-વ્હીલરમાં ફક્ત ૫૦૦ રૂપિયાનું જ પેટ્રોલ આપવામાં આવી રહ્યું છે. બીજી તરફ લાઠી બાયપાસ પાસે સ્થિતિ વધુ કફોડી છે કારણ કે ત્યાં સાદું પેટ્રોલ સંપૂર્ણપણે ખલાસ થઈ ગયું છે અને માત્ર મોંઘું પાવર પેટ્રોલ જ ઉપલબ્ધ છે. આ અછતને કારણે મુસાફરો અને સ્થાનિક ધંધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. જો કે સાંજ સુધીમાં તંત્રએ આપેલી ખાતરી બાદ ધીમે-ધીમે પરિસ્થિતિ હવે સામાન્ય બનતા વાહનચાલકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

## અમદાવાદ શહેરના વાસણામાં ૨૫ વર્ષીય યુવક પર છરીના ઘા ઝીંકી અજાણ્યો શખ્સ ફરાર

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલા ભરવાડ વાસમાં મોડી રાત્રે લોહીયાળ ખેલ ખેલાયો હતો. અંદાજે ૨:૦૦ થી ૨:૩૦ વાગ્યાની આસપાસ એક અજાણ્યા શખ્સે ૨૫ વર્ષીય હિતેશ નામના યુવાન પર છરી વડે જીવલેણ હુમલો કરી તેની હત્યા કરી દીધી હતી. હુમલો કર્યા બાદ આરોપી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા વાસણા પોલીસે સ્થળ પર પહોંચી તપાસના ચક્રો ગતિમાન



કર્યા છે. હાલ પોલીસ સીસીટીવી ફૂટેજ અને સ્થાનિક પૂછપરછ દ્વારા આરોપીની ઓળખ કરવાના પ્રયાસો કરી રહી છે. પ્રાથમિક તબક્કે હત્યાનું કારણ અકબંધ છે, પરંતુ આ ઘટનાથી વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## રાજકોટમાં ગુરુ-શિષ્યના સંબંધને લાંછન : પૂર્વ વિદ્યાર્થીએ લગ્નની લાલચે શિક્ષિકા સાથે આચર્યું દુષ્કર્મ

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધને કલંકિત કરતી અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. ધોરણ ૧૦માં જે શિક્ષિકા પાસે અભ્યાસ કર્યો હતો, તે જ પૂર્વ વિદ્યાર્થી ધ્રુવિલે પોતાની ગુરુ સમાન શિક્ષિકાને પ્રેમજાળમાં ફસાવી અઢી વર્ષ સુધી શારીરિક શોષણ કર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવ્યા બાદ આરોપીએ લગ્ન કરી વિદેશ સ્થાયી થવાના સપના બતાવી વિશ્વાસઘાત કર્યો હતો. આરોપીએ માત્ર શારીરિક જ નહીં પરંતુ આર્થિક શોષણ પણ આચર્યું છે. બિઝનેસમાં ખોટનું બહાનું બતાવી તેણે શિક્ષિકા પાસેથી અંદાજે સાત લાખ રૂપિયા પડાવ્યા હતા અને તેમનું સોનું પણ વેચાવી દીધું હતું. જ્યારે લગ્નના વાયદામાંથી તે ફરી ગયો, ત્યારે પીડિતાએ હિંમત કરી ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે દુષ્કર્મ અને છેતરપિંડીનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.